સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 03

JANUARY-2024

14-01-24 To 20-01-24

:::::: સંપાદક ::::::


મૌલિક ગોંધિયા
















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**14 JAN-2024**

- દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ (Armed Forces Veteran's Day) .......... 02
- ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ 2023 .......... 02
- કરૂણા અભિયાન 2024 .......... 02
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, 2024 .......... 03
- QUESTION ANSWERS .......... 10

**15 JAN-2024**

- દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day) .......... 11
- ભારતીય હવામાન વિભાગના 150માં વર્ષની ઉજવણી .......... 11
- અલ્ટિમેટ ખો-ખો 2023-24 : અદાણી ગુજરાત જાયન્ટ્સ ચેમ્પિયન .......... 13
- Best FIFA Football Awards 2023 .......... 13
- QUESTION ANSWERS .......... 15

**16 JAN-2024**

- દિવસ મહિમા : 16 જાન્યુઆરી, નેશનલ સ્ટાર્ટઅપ ડે .......... 16
- ભારત-નેપાળ વિજળી એગ્રીમેન્ટ (India-Nepal Power Agreement) .......... 16
- Ex-Ayutthaya અને Indo-Thai CORPAT : ભારત - થાઈલેન્ડ .......... 17
- વડનગરમાં 2800 વર્ષ જૂની માનવ વસતીના પુરાવા મળ્યા .......... 17
- ઓપરેશન સર્વશક્તિ (Operation Sarvashakti) .......... 19
- QUESTION ANSWERS .......... 20

**17 JAN-2024**

- સિનોમિક્રસ ગોરી (Sinomicrurus Gorei) .......... 21
- ગુજરાત સતત ચોથી વાર સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમરમાં ટોચના ક્રમે .......... 21
- QUESTION ANSWERS .......... 23

**18 JAN-2024**

- પાકે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ .......... 24
- પૂર્વ ચિફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ આસામ વૈભવ એવોર્ડથી સન્માનિત .......... 25
- કેપ વર્ડેને મેલેરિયા મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો .......... 25
- પોલીસ મહાનિર્દેશકોની 58મી ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ .......... 26
- QUESTION ANSWERS .......... 27

**19 JAN-2024**

- ઓપરેશન અમૃત (Opration AMRITH) .......... 28
- ભારત માલદીવ સંબંધ (India Maldives Relations) .......... 28
- QUESTION ANSWERS .......... 31

**20 JAN-2024**

- 18th Annual Status of Education Report (ASER) 2023 .......... 32
- લિથિયમ બ્લોક માટે ભારત-આર્જેન્ટિના કરાર .......... 34
- મહતારી વંદના યોજના : છત્તીસગઢ .......... 35
- QUESTION ANSWERS .......... 37

**ONE LINER** .......... 38

**QUESTION OF THIS WEEK** .......... 42


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ (Armed Forces Veteran's Day)

## ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ 2023




તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડો.જીતેન્દ્ર સિંહે વર્ષ 2023 માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ને 'ઉત્તમ સિદ્ધિ' (ઉત્કૃષ્ટ ઉપલબ્ધી)ની શ્રેણીમાં 'ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ' અર્પણ કર્યો હતો.

- રાષ્ટ્રીય ટીવી ચેનલ દ્વારા સ્થાપિત આ પુરસ્કાર અવકાશ સંશોધનમાં ઈસરોના યોગદાનને માન્યતા આપે છે, ખાસ કરીને ચંદ્રના અજાણ્યા દક્ષિણ ધ્રુવીય પ્રદેશ પર ચંદ્રયાન-3ના ઐતિહાસિક સોફ્ટ લેન્ડિંગને હાઈલાઈટ કરે છે.
- આ ઈવેન્ટમાં 190 સ્ટાર્ટઅપ્સ દ્વારા રૂ.1000 કરોડથી વધુના રોકાણ સાથે ખાનગી અવકાશ ક્ષેત્રની નોંધપાત્ર વૃદ્ધિને પણ પ્રકાશિત કરવામાં આવી હતી.
- ડો. જીતેન્દ્રસિંહે જણાવ્યું કે વર્ષ 2023 નિઃશંકપણે ઈતિહાસના પુસ્તકોમાં એવા સમયગાળા તરીકે કોતરવામાં આવશે જ્યારે ભારતની અવકાશ એજન્સીએ પડકારોનો સામનો કરવા માટે અપ્રિતમ પરાક્રમ અને સ્થિતિસ્થાપકતાનું પ્રદર્શન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કરૂણા અભિયાન 2024

ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા નિર્દોશ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા 'કરૂણા અભિયાન 2024' શરૂ કર્યુ હતું.




- આ અંતર્ગત 10 થી 20 જાન્યુઆરી, 2024 દરમિયાન સમગ્ર રાજ્યમાં આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- આ અભિયાનમાં રાજ્યભરમાં 900 થી વધુ પક્ષી નિદાન કેન્દ્રો, 750થી વધુ વેટરનરી તબીબો તેમજ 7700થી વધુ રાજ્યના સેવાભાવી સ્વયંસેવકો જોડાયા હતા.
- આ અભિયાન દરમિયાન વોટ્સઅપ નંબર 8320002000 પર સેવા પણ ઉપલબ્ધ કરાઈ હતી.
- ઘાયલ પક્ષીઓની સારવાર માટે વન વિભાગના હેલ્પલાઈન નંબર 1926 અને પશુપાલન વિભાગના 1962 નંબરની સેવા પણ ઉપલબ્ધ કરાઈ હતી.

- નોંધનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી કરૂણા અભિયાનના ભાગરૂપે અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં કાર્યરત વાઈલ્ડલાઈફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી.

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, 2024

તાજેતરમાં ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10 થી 12 જાન્યુઆરી, 2024 દરમિયાન દસમી વાયબ્રન્ટ ગુજરાત સમિટ, 2024નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સમિટમાં વિશ્વના 35 જેટલા દેશો પાર્ટનર તરીકે જોડાયા હતા.




### સમિટનું ઉદ્‌ઘાટન

દસમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ઉદ્‌ઘાટન 10 જાન્યુઆરી, 2024ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું.

### દસમી વાયબ્રન્ટ સમિટના મુખ્ય અતિથિ



આ દસમી વાયબ્રન્ટ સમિટના મુખ્ય અતિથિ તરીકે સંયુક્ત આરબ અમીરાત (UAE)ના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન, ચેક રિપબ્લિકના વડાપ્રધાન પીટર ફિયાલા, તિમોર લેસ્ટેના રાષ્ટ્રપતિ જોસ રામોસ હોર્ટા અને મોઝામ્બિકના રાષ્ટ્રપતિ શ્રી ફિલીપ ન્યૂસી ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

### દસમી વાયબ્રન્ટ સમિટની થીમ

આ દસમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ની થીમ 'Gateway to the Future' હતી.

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો

આ દસમી વાયબ્રન્ટ સમિટમાં ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે દેશના સૌથી મોટા ટ્રેડ–શો 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો 2024'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

- જેનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું.
- આ ઉદ્‌ઘાટન પ્રસંગે મોઝામ્બિકના રાષ્ટ્રપતિ શ્રી ફિલિપ ન્યુસી, તિમોર લેસ્ટેના રાષ્ટ્રપતિ શ્રી જોસ મેન્યુઅલ રામોસ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સ્વીચ ઓન કરી અને તકતીનું અનાવરણ કરીને ગ્લોબલ ટ્રેડ શો ખુલ્લો મુક્યો હતો.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વાયબ્રન્ટથી જ સમૃદ્ધિ અને વિકાસયાત્રા દર્શાવતી 'ધ સમિટ ઓફ સક્સેસ ટુવર્ડ્સ રિયલાઈઝેશન ઓફ ફૂલેસ્ટ પોટેન્શિયલ ઓફ ગુજરાત' નામની ઈ–કોફી ટેબલ બુકનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન શ્રી દ્વારા વાયબ્રન્ટ ગુજરાત–2024 અમૃતકાળની પ્રથમ સમિટની યાદમાં 'સ્મારક સિક્કા' તેમજ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને સફળતાપૂર્વક 20 વર્ષ પૂર્ણ નિમિત્તે 'સ્મારક સ્ટેમ્પ'નું અનાવરણ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વાયબ્રન્ટ ગુજરાત સમિટની 20 વર્ષની અસર અંગે ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા 'સંશોધન અહેવાલ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત મહાનુભાવોએ ગ્લોબલ ટ્રેડ શોમાં ઈન્ટરનેશનલ પેવિલિયન, ઈ–મોબિલિટી, આત્મનિર્ભર ગુજરાત, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન ટેકએડ સહિત વિવિધ પેવેલિયનોની મુલાકાત કરીને વડાપ્રધાનશ્રીએ એક્ઝિબિટર્સ સાથે સંવાદ કરી માહિતી મેળવી હતી.
- આ ટ્રેડ શોમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, સિરામિક, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, પોર્ટ્સ અને મરીન જેવા ક્ષેત્રોમાં અત્યાધુનિક ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત ટ્રેડ શોમાં કુલ 13 હોલમાં 'મેઈક ઈન ગુજરાત', 'આત્મનિર્ભર ભારત' સહિત વિવિધ 13 થીમ નક્કી કરાઈ હતી.
- આ ગ્લોબલ ટ્રેડ શોમાં ઓસ્ટ્રેલિયા, તાંઝાનિયા, મોરક્કો, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, એસ્ટોનિયા, બાંગ્લાદેશ, સિંગાપોર, UAE, યુકે, જર્મની, નોર્વે, ફિનલેન્ડ, નેધરલેન્ડ, રશિયા, રવાન્ડા, જાપાન, ઈન્ડોનેશિયા અને વિયેતનામ એમ કુલ 20 દેશોએ આ પ્રદર્શનમાં પોતાના દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરી હતી.
- જેમાં સંશોધન ક્ષેત્રના અંદાજે 1000થી વધુ પ્રદર્શકો સહભાગી થયા હતા, જે વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા સંશોધનો અને નવીનતાઓને રજૂ કરી હતી.
- નોંધનીય છે કે આ ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે 100 દેશો જ્યારે પાર્ટનર તરીકે 100 દેશોએ ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દસમી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગીદાર દેશ

દસમી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં નીચે મુજબના 35 ભાગીદાર દેશ હતા :

ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, બોત્સાવના, ચેક રિપબ્લિક, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ ધ કોંગો, ઈજિપ્ત, એસ્ટોનિયા, ફિનલેન્ડ, જર્મની, ઘાના, ઈન્ડોનેશિયા, કિંગ્ડમ ઓફ સાઉદી અરેબિયા, મલેશિયા, માલ્ટા, મોરક્કો, જાપાન, કેન્યા, મોઝામ્બિક, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, કોરિયા પ્રજાસત્તાક, રશિયા, રવાન્ડા, સિંગાપોર, તાન્ઝાનિયા, થાઈલેન્ડ, તિમોર–લેસ્ટે, યુગાન્ડા, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ કિંગ્ડમ, ઉરૂગ્વે, વિયેતનામ

## દસમી વાયબ્રન્ટ સમિટમાં થયેલા MoU

દસમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, 2024એ બે દાયકાના તમામ રેકોર્ડ તોડીને નવો ઈતિહાસ અંકિત કર્યો છે.

- આ દસમી સમિટમાં 41,299 MoU થયા હતા.
- એટલે કે આ સમિટમાં સૌથી વધુ 41,299 પ્રોજેક્ટમાં રૂ.26.33 લાખ કરોડના MoU નોંધાયા હતા. જે એક નવો રેકોર્ડ છે.
- કોવિડ-19ને કારણે વર્ષ 2021માં સમિટ સ્થગિત રહ્યા બાદ વર્ષ 2022માં 57,241 પ્રોજેક્ટમાં રૂ.18.87 લાખ કરોડના MoU થયા હતા.
- આમ કુલ મળીને ગુજરાતમાં 98,540 પ્રોજેક્ટ દ્વારા 45,20646 કરોડના MoU થયાની ઘોષણા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમિટમાં વિવિધ ક્ષેત્રે પ્રોજેક્ટ અને રોકાણ

| ક્રમ | ક્ષેત્ર | સંખ્યા | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| 1 | પાવર, ઓઈલ અને ગેસ | 1017 | 1759437.64 |
| 2 | કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ & GIDC લાર્જ પ્રોજેક્ટ્સ | 3256 | 534542.76 |
| 3 | એન્જિનિયરિંગ, ઓટો અને અન્ય ઉદ્યોગ | 563 | 524768.49 |
| 4 | શહેરી વિકાસ | 4814 | 372438.33 |
| 5 | નાણાકીય સેવાઓ | 32 | 227657.00 |
| 6 | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયો ટેક્નોલોજી | 123 | 209835.83 |

| | | | |
|---|---|---|---|
| 7 | પોર્ટ અને પોર્ટ આધારિત | 161 | 144812.13 |
| 8 | ખનિજ આધારિત પ્રોજેક્ટ્સ | 4084 | 144133.99 |
| 9 | કાપડ અને વસ્ત્રો | 659 | 72358.95 |
| 10 | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | 181 | 70627.07 |
| 11 | પ્રવાસન અને સિવિલ એવિએશન | 253 | 62575.10 |
| 12 | હેલ્થ કેર અને ફાર્મા | 436 | 48836.74 |
| 13 | પર્યાવરણ, વન | 916 | 44541.78 |
| 14 | એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ | 959 | 35340.95 |
| 15 | ઔદ્યોગિક–લોજિસ્ટિક પાર્ક | 164 | 27790.85 |
| 16 | પાણી પુરવઠો | 136 | 15262.23 |
| 17 | પશુપાલન મત્સ્યોદ્યોગ | 1805 | 10715.22 |
| 18 | શિક્ષણ | 651 | 9136.95 |
| 19 | કૌશલ્ય વિકાસ ક્ષેત્ર | 303 | 4653.51 |
| 20 | ગ્રામીણ વિકાસ | 711 | 2457.77 |
| 21 | વિશેષ રોકાણ ક્ષેત્ર અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ | 2 | 2100.00 |
| 22 | રમત–ગમત, યુવા અને સંસ્કૃતિ | 43 | 472.28 |
| 23 | આદિજાતિ વિકાસ | 25 | 187.37 |
| 24 | કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) | 245 | 143.63 |
| | Large Sector Total | 21536 | 4324826.57 |
| 25 | MSME-IC | 51995 | 90202.09 |
| 26 | MSME-GIDC | 25009 | 105617.85 |
| | MSME Total | 77004 | 195819.94 |
| | Total | 98,540 | 45,20646.51 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ની મહત્ત્વની સિદ્ધિઓ...એક ઝલક

- અમૃતકાળની પ્રથમ સમિટમાં 35 દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા
- UAE, મોઝામ્બિક, ચેક રિપબ્લિકન, તિમોર લેસ્ટેના વડાની હાજરી
- વિયેતનામના નાયબ વડાપ્રધાન સહિત અન્ય દેશોના 40થી વધુ મંત્રીઓ આવ્યા.
- 140થી વધુ દેશોના 61000થી વધારે ડેલિગેટ્સ સહભાગી થયા
- 18 સહભાગી રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશ
- સમિટમાં 3,590 વિદેશી સહિત 1,31,943 મહેમાનો ઉપસ્થિત
- વાયબ્રન્ટ ગુજરાતની સ્મૃતિમાં રૂ.20નો સિક્કો, ટપાલ ટિકિટ લોન્ચ
- 2,862 બિઝનેસ ટુ બિઝનેસ, 1386 બિઝનેસ ટુ ગવર્નમેન્ટ મીટ
- ગ્લોબલ ટ્રેડ શોમાં 13 પેવેલિયનમાં 20થી વધુ દેશો સામેલ થયા
- સમિટમાં 150થી વધારે સેમિનાર અને 21થી વધુ કન્ટ્રી સેમિનાર
- ટ્રેડ શોમાં 1200થી વધુ એક્ઝિબિશનર્સ, 4500થી વધુ MSME
- સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, EV, એરોસ્પેસ અને ડિફેન્સ ઈક્વીપમેન્ટ્સ મેન્યુફેક્ચરીંગ જેવા ઉભરતા સેક્ટર્સ માટે પહેલીવાર રોકાણો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓલિમ્પિક 2023 માટે ફૂટબોલ સ્ટેડિયમનું પ્રદર્શન

ગુજરાત ઓલિમ્પિક 2036માં હોસ્ટ કરવા માટે સરકારની ગોલમ્પિક કંપની દ્વારા અત્યાર સુધી કરાયેલી તૈયારીઓ આ વાયબ્રન્ટ સમિટમાં દર્શાવવામાં આવી હતી.

- જેમાં 50 હજારની બેઠકનું ફૂટબોલ સ્ટેડિયમ અને 10 હજારની ક્ષમતાનું ટેનિસ સ્ટેડિયમ સહિત રમતગમતના નાના–મોટા મેદાન બનાવવાની ચાલી રહેલી તૈયારીઓ દર્શાવવામાં આવી હતી.
- ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન લિમિટેડ (ગોલમ્પિંક) દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ ખાતે કલ્પના કરાયેલા વિકાસનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## ગુજરાત - ધ ગ્રીન હાઈડ્રોજન હબ

દસમી વાયબ્રન્ટ સમિટના પ્રસંગે 'ગુજરાત–ધ ગ્રીન હાઈડ્રોજન હબ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સેમિનારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાત દેશનું ગ્રીન હાઈડ્રોજન બનવા માટે સજ્જ છે.
- સરકારે ગ્રીન  હાઈડ્રોજન ઉત્પાદન માટે ખાસ લેન્ડ પોલિસી બનાવી છે અને કચ્છ તથા બનાસકાંઠા જિલ્લામાં 2 લાખ હેક્ટરની વેસ્ટ લેન્ડ ફાળવી છે.
- આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'ગુજરાત–ધ ગ્રીન હાઈડ્રોજન ડેસ્ટિનેશન ઓફ ગુજરાત સેમિનાર' દ્વારા નવી ટેક્નોલોજી, પોલિસી ફ્રેમિંગ માટેના સૂચનો રાજ્ય માટે ઉપયોગી થશે અને ગુજરાતને ભારતની ઊર્જા સમૃદ્ધિનું દ્વાર બનાવવામાં મદદરૂપ થશે.
- રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે દેશભરમાં ગુજરાત અગ્રીમ હરોળમાં સ્થાન ધરાવતું રાજ્ય બન્યું છે.
- ગુજરાત આજે એક બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ જ નહીં, પરંતુ બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ ઈન રિન્યુએબલ એનર્જી તરીકે ઉભરી આવ્યું છે.
- દસમી વાયબ્રન્ટ સમિટમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અત્યાર સુધીના મહત્તમ MoU અને એગ્રીમેન્ટ સાઈન થયા છે, જે ગુજરાત માટે ગર્વની વાત છે.
- કેન્દ્ર સરકારના ગ્રીન હાઈડ્રોજન મિશન અંતર્ગત વર્ષ 2030 સુધીમાં ભારતમાં પાંચ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે, જેમાં ગુજરાત મહત્તમ યોગદાન આપશે.

## સેમિકન્ડક્ટર ક્ષેત્ર

દસમી વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે સેમિકન્ડક્ટર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

- નોંધનીય છે કે સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
- ભારતમાં ટેક્નોલોજીનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. તથા હેલ્થ, એગ્રીકલ્ચર કે લોજીસ્ટિક્સ, માનવ જીવનને સ્પર્શતા તમામ સેક્ટરમાં સ્માર્ટ ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે.
- ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડે–ટુ–ડે લાઈફમાં સામેલ થઈ રહ્યું છે.
- આ તમામ અત્યાધુનિક ટેક્નોલોજીના મૂળમાં સેમિકન્ડક્ટર ચિપ્સ અને ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ જ છે તથા વિશ્વને રિલાયેબલ ચીપ સપ્લાય ચેઈનની જરૂર છે.
- વિશ્વની આ જરૂરિયાતને પૂરી કરવા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ માટે વિશ્વને એક મજબૂત સપ્લાય ચેઈન પૂરી પાડવા સક્ષમ છે, તેમાં ગુજરાત અગ્રીમ (આગવું) યોગદાન આપશે.

- સેમિકન્ડક્ટર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સેમિનારમાં ગુજરાત સરકાર અને કોરીયન કંપની SIMMTECH વચ્ચે MoU થયા હતા.
- આ સાથે માઈક્રોન અને નેનટેક તથા સીસ્કો અને નેનટેક વચ્ચે સહભાગીતા માટેના કરાર થયા હતા.

## દસમી વાયબ્રન્ટ સમિટના અન્ય મુખ્ય મુદ્દાઓ

- ગુજરાતમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ન્યુ ડેવલપમેન્ટ બેન્ક-NDB 500 મિલિયન ડોલરની લોન આપશે.
- કેન્દ્રીય MSME મંત્રી શ્રી નારાયણ રાણેએ જણાવ્યું હતું કે ગુજરાત MSME દ્વારા દેશમાં રોજગારમાં નોંધપાત્ર યોગદાન આપે છે, જે તેને ટ્રાન્સપોર્ટ અને ટેક્સટાઈલ સેક્ટરમાં ઉદ્યોગપતિની પસંદગીની પસંદગી બનાવે છે.
- આ સમિટમાં ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું કે ગિફ્ટ સિટીમાં 2030 સુધીમાં એક હજારથી વધુ કંપનીઓ સક્રિય બનશે તેવી સંભાવના દર્શાવી હતી.
- શ્રી ગૌતમ અદાણીએ ગુજરાત વાઈબ્રન્ટ સમિટમાં જણાવ્યું કે તેનું પોર્ટ થી પાવર ગ્રુપ ગુજરાતમાં આગામી પાંચ વર્ષમાં બે લાખ કરોડનું રોકાણ કરશે.
- આ ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, આર્સેલર મિત્તલ જૂથ, મારૂતી સુઝુકી, માઈક્રોન ટેક્નોલોજી જેવી મોટી કંપનીઓ ગુજરાતમાં કરોડોનું રોકાણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દસમી વાયબ્રન્ટ સમિટનું સમાપન

12 જાન્યુઆરી, 2024ના રોજ દસમી વાયબ્રન્ટ સમિટના સમાપન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા જમ્મુ–કાશ્મીરના લેફટનન્ટ ગવર્નર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ

ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2003થી વાયબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ કર્યો હતો.

- વર્ષ 2003થી દર બે વર્ષે આ સમિટ ગુજરાતમાં યોજાય છે.
- કોરોના મહામારીને કારણે છેલ્લા 4 વર્ષથી આ સમિટ યોજાઈ ન હતી.
- આ અંતર્ગત છેલ્લે વર્ષ 2019માં નવમી અને 2024માં દસમી વાયબ્રન્ટ સમિટનું આયોજન થયું હતું.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસે 'સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

   (A) 12 જાન્યુઆરી (B) 13 જાન્યુઆરી (C) 14 જાન્યુઆરી (D) 15 જાન્યુઆરી **(C)**

2. તાજેતરમાં નીચેના પૈકી કઈ સંસ્થાને 'ઉત્તમ સિદ્ધિ' શ્રેણીમાં 'ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ 2023' અર્પણ કરવામાં આવ્યો હતો ?

   (A) ISRO (B) BHEL (C) ECI (D) CBI **(A)**

3. ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર માટે 10 થી 20 જાન્યુઆરી 2024 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

   (A) બર્ડ અભિયાન (B) કાઈટ અભિયાન
   (C) સેવ બર્ડ અભિયાન (D) કરુણા અભિયાન **(D)**

4. તાજેતરમાં ગુજરાતમાં કેટલામી 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'નું આયોજન થયું હતું ?

   (A) સાતમી (B) આઠમી (C) નવમી (D) દસમી **(D)**

5. ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી દસમી 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'માં કેટલા દેશો પાર્ટનર કન્ટ્રી (ભાગીદાર દેશો) તરીકે જોડાયા હતા ?

   (A) 20 (B) 28 (C) 35 (D) 42 **(C)**

6. ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી દસમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની થીમ શું હતી ?

   (A) Shaping a new Gujarat (B) Gateway to the India
   (C) Gateway to the Future (D) Shaping a new world **(C)**

7. તાજેતરમાં યોજાયેલી દસમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં કુલ કેટલા MoU થાય છે ?

   (A) 28,360 (B) 31,280 (C) 41,299 (D) 45,233 **(C)**

8. ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

   (A) 2001 (B) 2003 (C) 2004 (D) 2005 **(B)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)



દેશની સુરક્ષામાં કાર્યરત સૈનિકો તથા શહીદ જવાનોના સન્માનમાં ભારતમાં દર વર્ષે 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 15 જાન્યુઆરી, 1949ના રોજ ફીલ્ડ માર્શલ કે. એમ. કરિપ્પાએ ભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ જનરલ સર ફ્રાન્સિસ બુચર પાસેથી ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે ભારતે 76મો આર્મી ડે ઉજવાયો છે.



**નોંધ:** (1) ભારતીય સેના (Indian Army)નો Motto (આદર્શ વાક્ય) 'Service Before Self' છે.

(2) 2023 પહેલા દર વર્ષે આર્મી ડે નિમિત્તે દિલ્હી ખાતે પરેડ યોજાતી હતી. પરંતુ 2023માં પહેલી વાર સૌપ્રથમ દિલ્હી બહાર બેંગ્લુરના MEG સેન્ટર પરેડ ગ્રાઉન્ડ ખાતે પરેડ યોજાઈ હતી.

(3) જ્યારે વર્ષ 2024માં ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે પરેડ યોજાઈ હતી.

(4) વર્ષ 2024માં આર્મી ડે અથવા ભારતીય સેના દિવસની થીમ 'In Service of the Nation' (રાષ્ટ્રની સેવામાં) હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય હવામાન વિભાગના 150માં વર્ષની ઉજવણી

જાહેર હવામાન સેવાઓ પ્રદાન કરવાના આદેશ સાથે, 'ભારત હવામાન વિભાગ' (India Meteorological Department-IMD) 15 જાન્યુઆરી, 2025ના રોજ તેની સ્થાપનાના 150 વર્ષ પૂર્ણ કરશે.

- આ માટે IMDએ 15 જાન્યુઆરી, 2024 થી 15 જાન્યુઆરી, 2025 સુધી તમામ પેટા ઓફિસોમાં દેશ વ્યાપી ઉજવણીનું આયોજન કર્યું છે.

### ભારતીય હવામાન વિભાગ (IMD)

તે રાષ્ટ્રીય હવામાન સેવા છે અને હવામાનશાસ્ત્ર અને સંબંધિત વિષયોને લગતી તમામ બાબતોમાં અગ્રણી સરકારી એજન્સી છે.

- તે ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એજન્સી તરીકે કાર્ય કરે છે.

- તે ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એજન્સી તરીકે કાર્ય કરે છે.
- તેનું વડું મથક નવી દિલ્હીમાં લોધી રોડ પર મૌસમ ભવન ખાતે આવેલું છે.

## IMDના ઉદ્દેશ્ય

**IMDના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :**

(1) હવામાન–સંવેદનશીલ પ્રવૃત્તિઓ જેવી કે કૃષિ, સિંચાઈ, વહાણવાટા, ઉડ્ડયન, ઓફશર ઓઈલ એક્સ્પ્લોરેશન વગેરેની શ્રેષ્ઠ કામગીરી માટે હવામાન શાસ્ત્રીય માહિતી પ્રદાન કરવી.

(2) ઉષ્ણકટિબંધીય ચક્રવાત, નોર્થવેસ્ટર, ધૂળના તોફાન, ભારે વરસાદ અને બરફ, ઠંડી અને ગરમીના મોજાં વગેરે જેવી ગંભીર હવામાનની ઘટનાઓ સામે ચેતવણી આપવી, જે જીવન અને સંપત્તિના વિનાશનું કારણ બને છે.

(3) કૃષિ, જળ સંસાધન વ્યવસ્થાપન, ઉદ્યોગો, તેલ સંશોધન અને અન્ય રાષ્ટ્રનિર્માણ પ્રવૃત્તિઓ માટે જરૂરી હવામાન સંબંધી ડેટા પ્રદાન કરવા.

(4) હવામાનશાસ્ત્ર અને સંલગ્ન વિષયોમાં સંશોધન હાથ ધરવા અને પ્રોત્સાહન આપવું.

## IMDની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને વિકાસ

વર્ષ 1864માં બે વિનાશક ચક્રવાત કોલકાતા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યા હતા, જેના કારણે જીવન અને સંપત્તિનું ભારે નુકસાન થયું હતું.

- આ આફતોની ગંભીરતાએ વાતાવરણીય પરિમાણોને મોનિટર કરવા માટેની સિસ્ટમની ગેરહાજરીને પ્રકાશિત કરી હતી.
- જેના પરિણામે વર્ષ 1875માં 'ભારત હવામાન વિભાગ' (IMD)ની સ્થાપના કરવામાં આવી હતી.
- IMDએ શરૂઆતમાં ફક્ત એક જ વ્યક્તિની નિમણૂક સાથે તેની સત્તાવાર કામગીરી શરૂ કરી હતી.
- ત્યારે હેનરી ફ્રાન્સિસ બ્લેનફોર્ડને IMDના પ્રથમ હવામાનશાસ્ત્રીય રિપોર્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- 1903માં IMDના વડા તરીકે નિયુક્ત ગિલ્બર્ટ વોકરના નેતૃત્વ હેઠળ ચોમાસાને સમજવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી.
- તેમણે વાતાવરણીય પરિભ્રમણમાં મોટા પાયે ઓસિલેશનની ઓળખ કરી અને અલ નીનો ઘટનાની આધુનિક સમજણનો પાયો નાખ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 150 વર્ષોમાં IMD દેશભરમાં કાયમી વેધશાળાઓ અને સ્વચાલિત હવામાન સ્ટેશનો સાથે એક વિશાળ સંસ્થા તરીકે વિકસ્યું છે.
- IMDની ચક્રવાતની આગાહીનો ઉપયોગ હવે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર પાડોશી પ્રદેશના લગભગ 13 દેશો આ આગાહીનો ઉપયોગ કરીને તેમની ચક્રવાત વ્યવસ્થાપન પ્રણાલીઓનું સંચાલન કરવા માટે કરે છે.
- IMDની ઉન્નત ક્ષમતાઓને કારણે તેને દક્ષિણ એશિયાના પ્રાદેશિક આબોહવા કેન્દ્ર તરીકે ઓળખવામાં આવે છે.
- નોંધનીય છે કે સંયુક્ત રાષ્ટ્રના 'અર્લી વોર્નિંગ ફોર ઓલ' પ્રોગ્રામમાં યોગદાન આપવા માટે ભાગીદારી કરી છે, જેના માટે 30 દેશોની ઓળખ કરવામાં આવી છે.

## અલ્ટિમેટ ખો-ખો 2023-24 : અદાણી ગુજરાત જાયન્ટ્સ ચેમ્પિયન



તાજેતરમાં અલ્ટિમેટ ખો–ખો 2023-24 24 ડિસેમ્બર 2023 થી 13 જાન્યુઆરી, 2024 દરમિયાન યોજાઈ હતી.

- તેનું આયોજન ઓડિશાના કટકમાં આવેલ જવાહરલાલ નહેરુ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2023-24ની સિઝન એ આ ટુર્નામેન્ટની બીજી આવૃત્તિ હતી.
- આ આવૃત્તિમાં ગુજરાત જાયન્ટ્સે ફાઈનલ મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરીને ચેન્નાઈ ક્વિક ગન્સ સામે 31-26ના સ્કોરથી વિજય મેળવ્યો હતો.
- આ સાથે ગુજરાત જાયન્ટ્સે અલ્ટિમેટ ખો–ખો લીગ સિઝન–2નું ટાઈટલ જીતી લીધું હતું.
- જેમાં વિજેતા ટીમને 1 કરોડ રૂપિયા તથા રનર્સ અપ ટીમને 50 લાખ રૂપિયા મળ્યા હતા.
- નોંધનીય છે કે આ અગાઉ ઓડિશા જગરનોટ્સએ 2022માં પ્રથમ સિઝનનું ટાઈટલ જીત્યું હતું.

**નોંધ :** અલ્ટિમેટ ખો–ખો એ ભારતીય ફેન્ચાઈઝી આધારિત ખો–ખો લીગ છે જે 2022માં શરૂ થઈ હતી.

## Best FIFA Football Awards 2023



FIFA દ્વારા તાજેતરમાં 'Best FIFA Football Award 2023' પ્રદાન કરવામાં આવ્યા હતા.

- ફૂટબોલમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ ઉત્કૃષ્ટ ખેલાડીઓને આ એવોર્ડ આપવા માટે લંડનમાં 'Best FIFA Football Award's' સમારોહ યોજાયો હતો.

- જેમા <u>'શ્રેષ્ઠ ફિફા મેન્સ પ્લેયર' (Best FIFA Men's Player)</u> એવોર્ડ <u>શ્રી લિયોનેલ મેસ્સીને</u> એનાયત કરવામાં આવ્યો છે.
- જ્યારે <u>'શ્રેષ્ઠ ફિફા વિમેન્સ પ્લેયર' (Best FIFA Women's Player)</u> એવોર્ડ <u>સુશ્રી આઈતાના બોનમતીને</u> એનાયત કરવામાં આવ્યો છે.



## Best FIFA Football Awards-2023

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 1. | બેસ્ટ ફિફા પ્લેયર–મેન્સ | શ્રી લિયેનોલ મેસ્સી (આર્જેન્ટિના) |
| 2. | બેસ્ટ ફિફા પ્લેયર–વિમેન્સ | સુશ્રી આઈતાના બોનમતી (સ્પેન) |
| 3. | બેસ્ટ ફિફા ગોલકીપર –મેન્સ | શ્રી એડરસન (બ્રાઝિલ) |
| 4. | બેસ્ટ ફિફા ગોલકીપર–વિમેન્સ | સુશ્રી મેરી એર્પ્સ (માન્ચેસ્ટર) |
| 5. | બેસ્ટ ફિફા કોચ–મેન્સ | શ્રી પેપ ગાર્ડિઓલા (માન્ચેસ્ટર યુનાઈટેડના કોચ) |
| 6. | બેસ્ટ ફિફા કોચ–વિમેન્સ | સુશ્રી સરીના વિગમેન (ઈંગ્લેન્ડ કોચ) |
| 7. | બેસ્ટ ફિફા વિશેષ પુરસ્કાર | સુશ્રી માર્ટા |
| 8. | પુરકસ એવોર્ડ–બેસ્ટ ગોલ | શ્રી ગિલ્હેર્મ મુદ્રગા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FIFA

FIFAનું પૂરું નામ '<u>ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન</u>' છે.

- FIFA એ <u>ફૂટબોલ</u>, <u>ફૂટસલ (Futsal)</u> અને <u>બીચ સોકર (Beach Soccer)નું</u> આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- FIFAનું વડુમથક <u>સ્વિત્ઝર્લેન્ડના</u> <u>ઝુરિચ</u> ખાતે આવેલું છે.
- FIFAના વર્તમાન અધ્યક્ષ <u>શ્રી જિયાન્ની ઈન્ફન્ટિનો</u> છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'થલ સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી **(A)**

2. વર્ષ 2024માં કેટલામાં 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 70માં (B) 72માં (C) 76માં (D) 78માં **(C)**

3. 'ભારતીય હવામાન વિભાગ' (IMD) તેની સ્થાપનાના કેટલામાં વર્ષની ઉજવણી કરી રહ્યું છે ?

(A) 175માં (B) 150માં (C) 125માં (D) 100માં **(B)**

4. ભારતીય હવામાન વિભાગ (India Meteorological Department-IMD)ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

(A) 1975 (B) 1875 (C) 1880 (D) 1980 **(B)**

5. તાજેતરમાં કઈ ટીમે 'અલ્ટિમેટ ખો–ખો 2023-24'નું ટાઈટલ જીત્યું છે ?

(A) ગુજરાત જાયન્ટ્સ (B) ચેન્નાઈ ક્વિક ગન્સ

(C) ઓડિશા જગરનોટ્સ (D) રાજસ્થાન વોરિયર્સ **(A)**

6. તાજેતરમાં FIFA દ્વારા 'Best FIFA Football Awards-2023'ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત 'બેસ્ટ ફિફા મેન્સ પ્લેયર' એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) રોબર્ટ લેવાન્ડોવસ્કી

(C) લિયેનોલ મેસ્સી (D) ક્રિસ્ટન લુશેલ **(C)**

7. તાજેતરમાં FIFA દ્વારા 'Best FIFA Football Award's-2023'ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત 'બેસ્ટ ફિફા વિમેન્સ પ્લેયર' એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી પેર્નિલ હાર્ડર (B) સુશ્રી આઈતાના બોનમતી

(C) સુશ્રી સરિના વિગમેન (D) સુશ્રી સેમ કેર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 16 જાન્યુઆરી, નેશનલ સ્ટાર્ટઅપ ડે

## ભારત-નેપાળ વિજળી એગ્રીમેન્ટ (India-Nepal Power Agreement)

ભારતે અને નેપાળે તાજેતરમાં પાવર નિકાસ માટે લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- નેપાળ–ભારત સંયુક્ત આયોગની 7મી બેઠક દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ બેઠક દરમિયાન બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

### નેપાળ-ભારત સંયુક્ત આયોગની 7મી બેઠક

નેપાળ–ભારત સંયુક્ત આયોગની 7મી બેઠકના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

### પાવર એક્સપોર્ટ એગ્રીમેન્ટ

ભારત અને નેપાળે આગામી 10 વર્ષમાં 10,000 મેગાવોટ પાવરની નિકાસ કરવા માટે દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ અંતર્ગત નેપાળ ભારતને આગામી 10 વર્ષ દરમિયાન ભારતને 10,000 MW વિજળી નિકાસ કરશે.

### ક્રોસ બોર્ડર ટ્રાન્સમિશન લાઈનોનું ઉદ્‌ઘાટન

132 KV રકસૌલ–પરવાનીપુર, 132 KV કુશાહા–કટૈયા અને નવી નૌતનવા–માનહિયા લાઈનો સહિત ત્રણ ક્રોસ બોર્ડર ટ્રાન્સમિશન લાઈનોનું સંયુક્ત રીતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### રિન્યુએબલ એનર્જી કોઓપરેશન

રિન્યુએબલ એનર્જીમાં સહકાર માટે નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી અને નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ ઓફ ઈન્ડિયા વચ્ચે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### સેટેલાઈટ સેવાઓ માટે કરાર

નેપાળ એકેડેમી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા વિકસિત મુનાલ સેટેલાઈટ માટે સેવા કરાર નેપાળ એકેડેમી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે શરૂ કરવામાં આવ્યો હતો.

- નેપાળના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલ આ ઉપગ્રહને ભારતીય પ્રક્ષેપણ રોકેટ પર વિનામૂલ્યે લોન્ચ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Ex-Ayutthaya અને Indo-Thai CORPAT : ભારત - થાઈલેન્ડ




તાજેતરમાં ભારતીય નેવી અને રોયલ થાઈ નેવી (RTN)એ 'Ex-Ayutthaya' નામની પ્રથમ દ્વિપક્ષીય કવાયત હાથ ધરી હતી.

- આ દ્વિપક્ષીય કવાયતની સાથે ભારત–થાઈ કોઓર્ડિનેટેડ પેટ્રોલ (Indo-Thai CORPAT)ની 36મી આવૃત્તિ પણ યોજાઈ હતી.
- અભ્યાસ Ayutthaya (આયુત્થયા)નો અનુવાદ 'અજેય વન' અથવા 'અજેય' થાય છે.
- અને તે બે સૌથી જૂના શહેરો ભારતમાં અયોધ્યા અને થાઈલેન્ડમાં અયુથયાના ઐતિહાસિક વારસો, સમૃદ્ધ સાંસ્કૃતિક સંબંધો અને ઘણી સદીઓથી વહેંચાયેલી ઐતિહાસિક વાર્તાઓના મહત્ત્વનું પ્રતિક છે.
- સ્વદેશી રીતે નિર્મિત ભારતીય નૌકાદળના જહાજો કુલીશ અને INLCU 56એ કવાયતની શરૂઆતની આવૃત્તિમાં ભાગ લીધો હતો.
- જ્યારે રોયલ થાઈ નેવીનું પ્રતિનિધિત્વ HTMS પ્રચુઆપ ખીરી ખાને કર્યું હતું.
- બંને નૌકાદળના દરિયાઈ પેટ્રોલિંગ એરક્રાફ્ટે કવાયતના દરિયાઈ તબક્કામાં ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડનગરમાં 2800 વર્ષ જૂની માનવ વસતીના પુરાવા મળ્યા



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (ખડગપુર) અને પુરાતત્ત્વ વિભાગના સંયુક્ત અભ્યાસમાં વડનગરમાં ઈ.સ.800 પૂર્વે માનવ વસાહતના પુરાવા મળ્યા છે.

- આ અભ્યાસ હડપ્પન સંસ્કૃતિના પતન પછી પણ વડનગરમાં સાંસ્કૃતિક સાતત્યના પુરાતત્ત્વીય પુરાવા આપીને 'અંધકાર યુગ'ની કલ્પનાને પડકારે છે.

### અભ્યાસની મુખ્ય બાબતો

અભ્યાસમાં વડનગરમાં ઈ.સ.800 પૂર્વેના પ્રાચીન માનવ વસાહતના પૂરાવા મળ્યા છે.

- અભ્યાસ સૂચવે છે કે આ લાંબા 3500 વર્ષો દરમિયાન વિવિધ સામ્રાજ્યોનો ઉદય અને પતન તથા મધ્ય એશિયાના યોદ્ધાઓ દ્વારા ભારત પર વારંવાર આક્રમણ થયું હતું.
- તથા હવામાનમાં ગંભીર ફેરફારો જેમ કે વરસાદ અથવા દુષ્કાળની સ્થિતિમાં ફેરફારને કારણે પતન થયું હોવાનું માનવામાં આવે છે.

- વડનગરને બૌદ્ધ, હિન્દુ, જૈન અને ઈસ્લામિક પ્રભાવો સાથે બહુસાંસ્કૃતિક અને બહુધાર્મિક વસાહત તરીકે વર્ણવવામાં આવ્યું છે.
- ખોદકામમાં મૌર્ય, ઈન્ડો–ગ્રીક, ઈન્ડો–સિથિયન, હિન્દુ–સોલંકી, સલ્તનત–મુઘલ અને ગાયકવાડ–બ્રિટિશ વસાહતી શાસન સહિત સાત સાંસ્કૃતિક તબક્કાઓ (અથવા કાળો) બહાર આવ્યા છે, જે આજ સુધી ચાલુ છે.
- વડનગરમાં સૌથી જૂના બૌધ મઠમાંની એકની હાજરી એ નોંધપાત્ર શોધોમાંની એક છે, જે આ વસાહતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં વધારો કરે છે.

## પુરાતત્ત્વીય કલાકૃતિઓ

ખોદકામ દરમિયાન માટીકામ, તાંબુ, સોનું, ચાંદી અને લોખંડની વસતુઓ સહિત વિવિધ પુરાતત્ત્વીય કલાકૃતિઓ મળી આવી હતી.

- અભ્યાસના તારણોમાં ઈન્ડો–ગ્રીક શાસનના સમયગાળાની જટિલ રીતે ડિઝાઈન કરેલી બંગડીઓ અને સિક્કાના મોલ્ડનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** અંધકાર યુગ એ ભારતીય ઈતિહાસમાં સિંધુ ખીણની સંસ્કૃતિના પતન અને આર્યન યુગ અને ગાંધાર, કૌસલ

## વડનગર

વડનગર મહેસાણા જિલ્લામાં આવેલું છે.



- વડનગરના જૂના નામોમાં 'સુંદરપુર', 'મદનપુર', 'વૃદ્ધનગર', 'ચમત્કારપુર', 'અનંતપુર', 'આનંદપુર, અને આનર્તપુરનો સમાવેશ થાય છે.
- વડનગર નાગર બ્રાહ્મણોનું મૂળવતન ગણાય છે.
- વડનગરમાંથી એક સમયે હાટકી નદી વહેતી હતી પરંતુ હવે તે લુપ્ત થઈ ગઈ છે પરંતુ આજે પણ હાટકી નદીના કિનારે આવેલું નાગર બ્રાહ્મણોના કુળદેવતા હાટકેશ્વર મહાદેવનું મંદિર જોવા મળે છે.

- મલ્હારરાગની જાણકારી ધરાવતી બહેનો તાના અને રીરીની સમાધિ વડનગરમાં આવેલી છે. જ્યાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા ''તાના–રીરી' સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- વડનગરમાં યોજવામાં આવતા તાના–રીરી મહોત્સવમાં જાણીતા સંગીતકારો ભાગ લે છે અને તેમાં વિજેતાને તાના–રીરી સંગીત એવોર્ડ આપવામાં આવે છે. (પ્રથમ તાના–રીરી એવોર્ડ જીતનાર વ્યક્તિ લતા મંગેશકર હતા.)
- વડનગરની સૌથી મહત્વની ઓળખાણ અહીં આવેલ કીર્તિતોરણ છે.
- વડનગરમાં છ દરવાજા આવેલા છે જેમાં અર્જુનબારી દરવાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતા અને સમૃધ્ધિની માહિતી આપવામાં આવી છે.
- શર્મિષ્ઠા તળાવ અને શામળશાની ચોરી વડનગરમાં છે.
- ચિની યાત્રાળુ હયુ–એ–ત્સાંગે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન વડનગરની મુલાકાત લીધી હતી.
- વડનગરમાં ગૌરીકુંડ આવેલો છે.
- વડનગરને ગુજરાતનું સૌથી જૂનું અને અત્યારે પણ અસ્તિત્વમાં હોય તેવું હયાતનગર માનવામાં આવે છે.
- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જન્મસ્થળ વડનગર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઓપરેશન સર્વશક્તિ (Operation Sarvashakti)

તાજેતરમાં ભારતીય સેનાએ જમ્મુ કાશ્મીરમાં 'ઓપરેશન સર્વશક્તિ' શરૂ કર્યુ છે.

- જેમાં પીર પંજાલ રેન્જની બંને બાજુના સુરક્ષા દળોનો સમાવેશ થાય છે.
- તેનો હેતુ રાજૌરી અને પૂંચમાં ભારતીય સૈનિકો પર હુમલો કરનારા આતંકવાદીઓને નાબૂદ કરવાનો છે.
- જમ્મુ અને કાશ્મીર પોલીસ, CRPF, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને ગુપ્તચર એજન્સીઓ ઓપરેશન સાથે ગાઢ સંકલનમાં કામ કરશે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસના રોજ 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી **(B)**

2. તાજેતરમાં કરેલા એક કરાર મુજબ કયો દેશ આગામી 10 વર્ષમાં ભારતમાં 10,000 મેગાવોટની પાવરની નિકાસ કરવા માટે તૈયાર છે, જે લાંબાગાળાની ઊર્જાની ભાગીદારી મજબૂત બનાવે છે ?

(A) નેપાળ (B) ભૂટાન (C) બાંગ્લાદેશ (D) શ્રીલંકા **(A)**

3. તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી (ખડગપુર) અને પુરાતત્ત્વ વિભાગના સંયુક્ત અભ્યાસમાં નીચેના પૈકી કયા શહેરમાં ઈ.સ.800 પૂર્વે માનવ વસાહતના પુરાવા મળ્યા છે ?

(A) પૂણે (B) બનાવલી (C) વડનગર (D) નવસારી **(C)**

4. વડનગર સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) સુંદરપુર, વૃદ્ધનગર, મદનપુર, ચમત્કારપુર અને આનર્તપુર તેના જૂના નામો છે.

(B) કીર્તિતોરણ એ વડનગરની મહત્ત્વની ઓળખ છે.

(C) શર્મિષ્ઠા તળાવ અને શામળશાની ચોરી વડનગરમાં સ્થિત છે.

(D) આખ્યાનના પિતા ગણાતા ભાલણનો જન્મ વડનગરમાં થયો હતો. **(D)**

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઓપરેશન સર્વશક્તિ' (Operation Sarvashakti) શું છે ?

(A) ભારતીય સેના દ્વારા જમ્મુ કાશ્મીરમાં હાથ ધરાયેલું એક મિશન

(B) ઈઝરાયેલ અને ગાઝા પટ્ટીમાં ઈજાગ્રસ્તોને તબીબી મદદ આપવાનું એક મિશન

(C) ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા એન્ટાર્કટિકામાં હાથ ધરેલું એક મિશન

(D) પશ્ચિમના દરિયાકાંઠે પ્લાસ્ટિક દૂર કરવા માટેનું એક અભિયાન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિનોમિક્રસ ગોરી (Sinomicrurus Gorei)

તાજેતરમાં મિઝોરમ યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્રના સંશોધકોએ કોરલ સાપની એક નવી પ્રજાતિની ઓળખ કરી છે.



- અને તેને ડો. ગોરના નામ પરથી સિનોમિકરુસ ગોરી નામ આપવામાં આવ્યું છે.
- સ્થાનિક રીતે તેને 'રુલતિહના' કહેવાય છે, તે પરંપરાગત મિઝો એમ્બર નેકલેસ 'ટિહિના' જેવું લાગે છે.
- ઉત્તરપૂર્વ ભારતમાં એક અન્ય સિનોમિકરૂસ પ્રજાતિ, સિનોમિક્રસ મેકલેલેન્ડી અસ્તિત્વ ધરાવે છે.
- ભીંગડા, હેમિપેનિસ, DNA અને ખોપરી સહિતની વિશિષ્ટ વિશેષતાઓ તેમને અલગ પાડે છે.
- અગાઉ સમાન પ્રજાતિઓ માનવામાં આવતી હતી, પરંતુ તાજેતરના અભ્યાસે ભેદો જાહેર કર્યા હતા.
- સિનોમિક્રુરસ મેકલેન્ડી 6-14 ઈંડા મૂકે છે, જ્યારે સિનોમિકરુસ ગોરી ત્રણ જેટલા ઈંડા મૂકે છે અને મિઝોરમમાં તેમના રહેઠાણો અલગ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત સતત ચોથી વાર સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમરમાં ટોચના ક્રમે

રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ડે પર કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા નવી દિલ્હીમાં સ્ટાર્ટઅપ રેન્કિંગ 2022ના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી.

- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 16 જાન્યુઆરી, 2016ના રોજ યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાની ભાવના કેળવવા માટે 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પહેલ શરૂ કરી હતી.
- સ્ટેટ સ્ટાર્ટ–અપ રેન્કિંગ એ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા બનાવવામાં અને બહાર પાડવામાં આવેલી વાર્ષિક ક્ષમતા–નિર્માણ કવાયત છે.
- જે સ્ટાર્ટ–અપ વૃદ્ધિ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ બનાવવાના તેમના પ્રયાસો પર ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું મૂલ્યાંકન કરે છે.
- દેશમાં મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવવાના વિઝનને હાંસલ કરવા ફેબ્રુઆરી 2018માં પ્રથમવાર રાજ્યોની સ્ટાર્ટ–અપ રેન્કિંગ શરૂ કરવામાં આવી હતી.

- DPIIT અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ તાજેતરમાં 7 નિર્ણાયક સુધારા ક્ષેત્રોમાં 33 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું મૂલ્યાંકન કર્યુ છે, જેમાં 2022 રેન્કિંગ માટે 25 એક્શન પોઈન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ મૂલ્યાંકનના જાહેર થયેલા પરિણામોમાં ગુજરાતે સતત ચોથી વખત 'શ્રેષ્ઠ પ્રદર્શન' (બેસ્ટ પર્ફોમર) કરનાર રાજ્યનો એવોર્ડ જીત્યો છે.

**નોંધ :** ગુજરાત, કેરળ અને કર્ણાટક ઉભરતા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે લીધેલી તેમની પહેલના આધારે 2022 માટે સ્ટાર્ટ–અપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમર કરનારા રાજ્યો તરીકે સ્થાન મેળવ્યું છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'સિનોમિકરુસ ગોરી' કઈ પ્રજાતિ સાથે સંબંધિત છે ?

(A) સાપ (B) માછલી (C) દેડકા (D) પક્ષી — (A)

2. કઈ યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્રના સંશોધકોએ 'સિનોમિકરુસ ગોરી' નામના સાપની ઓળખ કરી છે ?


(A) ત્રિપુરા યુનિવર્સિટી (B) આસામ યુનિવર્સિટી

(C) મિઝોરમ યુનિવર્સિટી (D) ઝારખંડ યુનિવર્સિટી — (C)

3. ગુજરાત સતત કેટલામી વાર સ્ટાર્ટઅપ રેન્કિંગમાં 'બેસ્ટ પર્ફોમર'માં ટોચના ક્રમે રહ્યું છે ?

(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી — (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પાકે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ




9મો પાકે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ (PPHF) અરૂણાચલ પ્રદેશમાં તાજેતરમાં 18 થી 20 જાન્યુઆરી, 2024 દરમિયાન યોજાયો હતો.

- તેને રાજ્ય ઉત્સવ જાહેર કરવામાં આવ્યો છે, જે વન્યજીવ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વર્ષ 2015માં સૌપ્રથમવાર પાકે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ (PPHF)નું આયોજન કરવામાં આવ્યું હતું.
- તેનો ઉદ્દેશ્ય પાકે ટાઈગર રિઝર્વ (PTR)માં હોર્નબિલ્સના સંરક્ષણમાં ન્યાશી આદિવાસી જૂથ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાને ઓળખવાનો હતો.
- આ ઉપરાંત અન્ય ઉદ્દેશ્ય પ્રદેશ માટે આવકના વૈકલ્પિક સ્ત્રોતો ઉભા કરવા અને પાકે ટાઈગર રિઝર્વ તથા તેની આસપાસના વિસ્તારોની અજાયબીઓ વિશે બાકીના ભારતમાં જાગૃતિ લાવવાનો હતો.
- આ વર્ષે આ ફેસ્ટિવલની થીમ 'Domutoh Domutoh, Paga hum Domutoh' હતી.
- આ વર્ષના ઉત્સવનો ઉદ્દેશ્ય આ પ્રતિષ્ઠિત પક્ષીઓની જાળવણી માટેની નિર્ણાયક જરૂરિયાતોને રેખાંકિત કરે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાકે ટાઈગર રિઝર્વ



તે અરૂણાચલ પ્રદેશના પૂર્વ કામેંગ જિલ્લામાં આવેલું છે.

- તે ઉત્તરમાં ટેંગા રિઝર્વ ફોરેસ્ટ, પશ્ચિમમાં હોઈમારા રિઝર્વ ફોરેસ્ટ, નેમરી નેશનલ પાર્ક અને દક્ષિણમાં ટાઈગર રિઝર્વ(આસામ)થી ઘેરાયેલું છે.
- તે શરૂઆતમાં પખુઈ ટાઈગર રિઝર્વ તરીકે ઓળખાતું હતું, અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ દ્વારા એપ્રિલ 2001માં તેનું નામ બદલીને પાકે ટાઈગર રિઝર્વ કરવામાં આવ્યું હતું.
- તેમાં ઉષ્ણકટિબંધીય સદાબહાર અને અર્ધ–સદાબહાર જંગલોનો સમાવેશ થાય છે.
- વાઘ, હાથી, શિયાળ, જંગલી કૂતરા સહિત 40થી વધુ સસ્તન પ્રાણીઓનો સમાવેશ થાય છે.
- આ રિઝર્વમાં ઓછામાં ઓછી 296 પક્ષીઓની પ્રજાતિ નોંધવામાં આવી છે.

## પૂર્વ ચિફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ આસામ વૈભવ એવોર્ડથી સન્માનિત

તાજેતરમાં આસામ સરકારે જાહેરાત કરી છે કે તે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી રંજન ગોગોઈને આસામના સર્વોચ્ચ નાગરિક સન્માન 'આસામ વૈભવ' એવોર્ડથી સન્માનિત કરશે.



- શ્રી રંજન ગોગોઈએ ભારતના 46માં મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી.
- મુખ્ય ન્યાયાધીશ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન સુપ્રીમ કોર્ટે 2019માં લાંબા સમયથી પડતર અયોધ્યા રામજન્મભૂમિ અને બાબરી મસ્જિદ વિવાદ પર પોતાનો ચુકાદો આપ્યો હતો.
- તેમણે તેમના કાર્યકાળ દરમિયાન ન્યાય પ્રણાલીની પહોંચ અને કાર્યક્ષમતામાં વધારો કર્યો હતો.

## કેપ વર્ડેને મેલેરિયા મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો

તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ કેપ વર્ડેને મેલેરિયા મુક્ત દેશ જાહેર કર્યો છે.

- કેપ વર્ડે હાલમાં આફ્રિકન ક્ષેત્રનો ત્રીજો દેશ છે જેને WHO દ્વારા મોરેશિયસ અને અલ્જેરિયા સાથે મેલેરિયા મુક્ત પ્રમાણિત કરવામાં આવ્યું છે.
- મેલેરિયા નાબૂદી પ્રમાણપત્ર પ્રક્રિયા આ મુજબ છે :

**"WHO દ્વારા દેશને મેલેરિયા મુક્ત પ્રમાણિત ત્યારે કરવામાં આવે છે જ્યારે તે ઓછામાં ઓછા 3 વર્ષ સુધી સમગ્ર દેશમાં મેલેરિયા ટ્રાન્સમિશનનું નિવારણ દર્શાવે છે. તથા સ્વદેશી ટ્રાન્સમિશનના પુનઃ ઉદ્‌ભવને રોકવા માટે કાર્યાત્મક દેખરેખ અને પ્રતિભાવ સિસ્ટમ ધરાવે છે"**

- દક્ષિણ પૂર્વ એશિયાઈ ક્ષેત્રમાં માલદીવ્સ અને શ્રીલંકાને WHO દ્વારા અગાઉ મેલેરિયા મુક્ત પ્રમાણિત કરવામાં આવ્યા હતા.
- હાલમાં WHOએ 43 દેશો અને 1 પ્રદેશને 'મેલેરિયા મુક્ત' પ્રમાણપત્ર આપ્યું છે.
- નોંધનીય છે કે ભારતને મેલેરિયા મુક્ત પ્રમાણિત કરવામાં આવ્યું નથી.




### કેપ વર્ડે વિશે

કેપ વર્ડે તરીકે ઓળખાતો આ દેશ આફ્રિકાના પશ્ચિમ કિનારે સ્થિત ટાપુઓનો સમૂહ છે.

- તે સેનેગલની નજીક આવેલું છે આફ્રિકન ખંડનું સૌથી નજીકનું બિંદુ છે.

- આ ટાપુઓનો સમૂહ બે મુખ્ય જૂથોમાં વહેંચવામાં આવ્યા છે :

  (1) વિન્ડવર્ડ ટાપુઓ (બાર્લાવેન્ટો) અને

  (2) લીવર્ડ ટાપુઓ (સોટોવેન્ટો)
- કેપ વર્ડેમાં મોટાભાગની વસતી મિશ્ર યુરોપિયન અને આફ્રિકન વંશની છે. આ મિશ્ર વારસાના લોકોને ઘણીવાર 'મેસ્ટીકો' અથવા 'ક્રિઆલો' તરીકે ઓળખવામાં આવે છે.
- કેપ વર્ડેની રાજધાની પ્રાએયા (Praia) છે તથા પોર્ટુગીઝ તેની સત્તાવાર ભાષા છે.

## પોલીસ મહાનિર્દેશકોની 58મી ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના જયપુરમાં પોલીસ મહાનિર્દેશકો (DGP)/ પોલીસ મહાનિરીક્ષક (IGP) જનરલોની 58મી અખિલ ભારતીય પરિષદમાં ભાગ લીધો હતો.

- તે ત્રણ દિવસીય કાર્યક્રમ હતો જેનું આયોજન પોલીસ મહાનિર્દેશક (DGP), પોલીસ મહાનિરીક્ષક (IGP) અને કેન્દ્રીય પોલીસ સંગઠનોના વડાઓ સાથે હાઈબ્રિડ મોડમાં કરવામાં આવ્યું હતું.
- કોન્ફરન્સમાં સાયબર ક્રાઈમ, પોલીસિંગ ટેક્નોલોજી, આતંકવાદ વિરોધી પડકારો, ડાબેરી ઉગ્રવાદ અને જેલ સુધારણા તથા આંતરિક સુરક્ષા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.
- કોન્ફરન્સનો બીજો મુખ્ય એજન્ડા નવા ફોજદારી કાયદાના અમલીકરણ માટેના માર્ગ નકશા પર ચર્ચા કરવાનો છે.




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'પાકે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ' (PPHF) કયા રાજ્યમાં યોજાયો હતો ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) નાગાલેન્ડ (C) મણિપુર (D) ત્રિપુરા (A)

2. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'પાકે ટાઈગર રિઝર્વ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) બિહાર (B) આસામ (C) પશ્ચિમ બંગાળ (D) અરૂણાચલ પ્રદેશ (D)

3. તાજેતરમાં આસામ સરકારે જાહેરાત કરી હતી કે તે _____ વ્યક્તિને રાજ્યના સર્વોચ્ચ નાગરિક સન્માન 'આસામ વૈભવ' એવોર્ડથી સન્માનિત કરશે.

(A) કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ

(B) ભારતના પૂર્વ મુખ્ય ન્યાયધીશ શ્રી રંજન ગોગોઈ

(C) ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

(D) ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકર (B)

4. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ નીચેના પૈકી કયા દેશને મેલેરિયા મુક્ત દેશ જાહેર કર્યો છે ?

(A) કેપ વર્ડે (B) બાંગ્લાદેશ (C) કેમરૂન (D) જીબુટી (A)

5. તાજેતરમાં પોલીસ મહાનિર્દેશકો (DGP)/પોલીસ મહાનિરીક્ષક (IGP) જનરલોની કેટલામી અખિલ ભારતીય પરિષદ યોજાઈ હતી ?

(A) 52મી (B) 54મી (C) 56મી (D) 58મી (D)


6. તાજેતરમાં પોલીસ મહાનિર્દેશકો (DGP)/પોલીસ મહાનિરીક્ષક (IGP) જનરલની 58મી અખિલ ભારતીય પરિષદ કયાં યોજાઈ હતી ?

(A) એકતાનગર, ગુજરાત (B) પણજી, ગોવા

(C) જયપુર, રાજસ્થાન (D) ભોપાલ, મધ્યપ્રદેશ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## ઓપરેશન અમૃત (Opration AMRITH)



કેરળના ડ્રગ કંટ્રોલ વિભાગે એન્ટીબાયોટીક્સના વધુ પડતા ઉપયોગને રોકવા માટે 'ઓપરેશન અમૃત' (Opration AMRITH) શરૂ કર્યું છે.

- આ પહેલ હેઠળ ફાર્મસીઓએ ચોક્કસ એન્ટિબાયોટિક વેચાણ રેકોર્ડ જાળવવા પડશે અને 'ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના એન્ટિબાયોટિક્સ વેચવામાં આવશે નહીં' એવું પોસ્ટર દર્શાવવું પડશે.
- જાહેર જનતા પણ આ પગલાનું પાલન ન કરવા અંગે ડ્રગ કંટ્રોલ વિભાગને જાણ કરી શકે છે.
- 2018માં કેરળ ભારતની રાષ્ટ્રીય કાર્ય યોજનાને અનુરૂપ AMR પર KARSAP રાજ્ય કાર્ય યોજના શરૂ કરનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું હતું.

## ભારત માલદીવ સંબંધ (India Maldives Relations)



તાજેતરમાં માલદીવે બિન–રાજદ્વારી ટિપ્પણીઓ, લશ્કરી ગતિરોધ અને મહત્ત્વપૂર્ણ કરારો રદ કરીને ભારત સાથેના તેના સંબંધો અંગે ચિંતાઓ ઉભી કરી છે.

- માલદીવે ચીન સાથે નવા કરારો પણ કર્યા છે, જે ભૌગોલિક રાજકીય લેન્ડસ્કેપને વધુ જટિલ બનાવે છે.

### તાજેતરના ભારત-માલદીવ વિવાદો

તાજેતરના વર્ષોમાં માલદીવના રાજકરણમાં 'ઈન્ડિયા આઉટ પ્લેટફોર્મ' પર કેન્દ્રિત એક અભિયાન જોવા મળ્યું હતું, જેમાં ભારતીય હાજરીને માલદીવની સાર્વભૌમત્વ માટે જોખમ તરીકે જોવામાં આવે છે.

- અભિયાનના મુખ્ય મુદ્દાઓમાં ભારતીય સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવાની માંગનો સમાવેશ થાય છે.
- માલદીવના વર્તમાન રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ભારતીય સૈનિકોને પાછા ખેંચવાની અંતિમ તારીખ 15 માર્ચ, 2024 નક્કી કરી છે.
- માલદીવે ભારત સાથે તેના પાણીના હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ અંગેના કરારને રિન્યૂ ન કરવાનો પણ નિર્ણય લીધો હતો.
- આ ઉપરાંત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લક્ષદ્વીપ મુલાકાત બાદ માલદીવની અપમાનજનક ટિપ્પણીઓથી રાજદ્વારી સંબંધમાં વધુ તીરાડ જોવા મળી હતી.
- પરિણામે વિવાદની પ્રતિક્રિયા તરીકે સોશિયલ મીડિયા પર માલદીવનો બહિષ્કાર કરવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત ચીની રાષ્ટ્રપતિએ તેમના માલદીવ સાથે 20 'ચાવીરૂપ' કરારો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં પ્રવાસન સહયોગ, આપત્તિ જોખમ ઘટાડવા અને બ્લૂ ઈકોનોમીનો સમાવેશ થાય છે.
- માલદીવના રાષ્ટ્રપતિએ ચીનની મુલાકાત દરમિયાન ચીનને માલદીવમાં પ્રવાસીઓના આગમનમાં ટોચનું સ્થાન મેળવવાની પણ વિનંતી કરી હતી, જે કેટલાક વર્ષોમાં ભારત દ્વારા પ્રભૂત્વ ધરાવે છે.

## ભારત-માલદીવ સંબંધો

### ઐતિહાસિક સંબંધો

ભારત અને માલદીવ વચ્ચે 1965થી રાજદ્વારી અને રાજકીય સંબંધો છે, જ્યારે બ્રિટિશરોએ આ ટાપુઓ પરનું નિયંત્રણ છોડી દીધું હતું.

- 2008માં લોકશાહી સંક્રમણથી ભારતે માલદીવમાં રાજકીય, લશ્કરી, વેપાર અને નાગરિક સમાજના લોકો સહિત વિવિધ હિસ્સેદારો સાથે ગાઢ સંબંધો બાંધવામાં વર્ષોનું રોકાણ કર્યુ છે.

### વ્યૂહાત્મક સ્થાન

ભારતની દક્ષિણે સ્થિત માલદીવ હિંદ મહાસાગરમાં અત્યંત વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે.

- જે અરબી સમુદ્ર અને તેનાથી આગળના પ્રવેશદ્વાર તરીકે કામ કરે છે.
- તેનાથી ભારત દરિયાઈ ટ્રાફિક પર નજર રાખી શકે છે અને પ્રાદેશિક સુરક્ષા વધારી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સાંસ્કૃતિક સંબંધો

ભારત અને માલદીવ વચ્ચે સદીઓ જૂના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધો છે.

- 12મી સદીના પૂર્વાધ સુધીમાં બૌધ ધર્મ માલદીવમાં પ્રભૂત્વ ધરાવતો ધર્મ હતો.
- વજ્રયાન એ બૌદ્ધ ધર્મનો એક શિલાલેખ છે, જે પ્રાચીન સમયમાં માલદીવમાં અસ્તિત્વમાં હતો.

### પ્રાદેશિક સ્થિરતા

એક સ્થિર અને સમૃદ્ધ માલદીવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિને અનુરૂપ છે.

### માલદીવ માટે ભારતનું મહત્ત્વ

ભારત ચોખા, મસાલા, ફળો, શાકભાજી અને દવાઓ સહિત દૈનિક આવશ્યક ચીજવસ્તુઓનો મહત્ત્વપૂર્ણ સપ્લાયર છે.

- ભારત સિમેન્ટ અને રોક બોલ્ડર જેવી સામગ્રીઓ પૂરી પાડીને માલદીવના માળખાકીય માળખાના નિર્માણમાં પણ મદદ કરે છે.
- ભારત માલદીવના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણ પ્રદાતા તરીકે કાર્ય કરે છે જેઓ ભરતીય સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવે છે, જેમાં લાયક વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિનો પણ સમાવેશ થાય છે.
- જ્યારે પણ સુનામી અથવા પીવાના પાણીની તંગી જેવી કટોકટી આવી છે ત્યારે ભારતે સતત સહાય પૂરી પાડી છે.
- કોવિડ-19 મહામારી દરમિયાન આવશ્યક ચીજવસ્તુઓ અને સહાયની જોગવાઈ ભારતની વિશ્વસનીય ભાગીદાર તરીકેની ભૂમિકાને દર્શાવે છે.
- 1988માં માલદીવમાં બળવાના પ્રયાસ દરમિયાન ભારતે ઓપરેશન કેક્ટસ દ્વારા સુરક્ષા સહાય પૂરી પાડી હતી.
- ભારત અને માલદીવ વચ્ચે સંરક્ષણ સહયોગ કવાયતોના ક્ષેત્રો જેમ કે ‘એકુવેરીન’, ‘દોસ્તી’, ‘એકથા’ અને ‘ઓપરેશન શીલ્ડ’ સુધી વિસ્તરે છે.

**નોંધ :** (1) 8 ડિગ્રી ચેનલ ભારતીય મિનિકોય (લક્ષદ્વીપ ટાપુઓનો ભાગ) માલદીવથી અલગ કરે છે.

(2) ‘નેશનલ કોલેજ ફોર પોલીસિંગ એન્ડ લૉ એન્ફોર્સમેન્ટ (NCPLE)’ એ માલદીવમાં ભારત દ્વારા ચલાવવામાં આવેલો સૌથી મોટો ગ્રાન્ટ પ્રોજેક્ટ છે.

(3) પર્યટન એ માલદીવની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે.

(4) ભારત માલદીવિયન ડિફેન્સ ફોર્સ (MNDF) માટે સૌથી વધુ તાલીમ ક્ષમતા પ્રદાન કરે છે, જે આ ક્ષેત્રમાં તેની 70%થી વધુ જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

(5) માલદીવના Addu (અડ્ડુ)માં ભારતીય સહાયથી ડ્રગ ડિટ્રોક્સિફિકેશન અને રિહેબિલિટેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

## માલદીવ

ભારતીય ઉપખંડની દક્ષિણ પશ્ચિમે હિંદ મહાસાગરમાં ભારતના દક્ષિણ તટથી લગભગ 400 કિમી દૂર આવેલું માલદીવ 1100 કરતા વધુ દ્વીપોનો સમૂહ છે.

- માલદીવ વસતી અને વિસ્તાર એમ બંને દષ્ટિએ એશિયાનો સૌથી નાનો દેશ છે.
- માલદીવની રાજધાની માલે છે.
- તેનું ચલણ માલદીવીયન રૂફિયા છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયા રાજ્યના ડ્રગ કંટ્રોલ વિભાગે એન્ટીબાયોટીક્સના વધુ પડતા ઉપયોગને રોકવા માટે 'ઓપરેશન અમૃત' (Opration AMRITH) ચાલુ કર્યુ હતું ?

(A) કર્ણાટક (B) કેરળ (C) રાજસ્થાન (D) પંજાબ **(B)**

2. ભારત માલદીવ સંબંધ (India Maldives Relations) વિશે નીચેના નિવેદન પર વિચાર કરો. અને આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. 2008માં ભારતે માલદીવમાં રાજકીય, લશ્કરી, વેપાર અને નાગરિક સમાજના લોકો સહિત વિવિધ હિસ્સેદારો સાથે ગાઢ સંબંધો બાંધવામાં વર્ષોનું રોકાણ કર્યુ છે.
2. ભારત માલદીવનો ચોખા, મસાલા, ફળો, શાકભાજી અને દવાઓ સહિત દૈનિક આવશ્યક ચીજવસ્તુઓનો મહત્ત્વપૂર્ણ સપ્લાયર છે.
3. 1988માં માલદીવમાં બળવાના પ્રયાસ દરમિયાન ભારતે 'ઓપરેશન કેક્ટસ' દ્વારા સુરક્ષા સહાય પૂરી પાડી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

3. માલદીવ સંદર્ભે નીચેના વિધાનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે 1100 કરતા વધુ દ્વીપોનો સમૂહ છે.
2. તે વસતી અને વિસ્તાર એમ બંને દૃષ્ટિએ એશિયાનો સૌથી નાનો દેશ છે.
3. તે ભારતના આંદામાન અને નિકોબાર ટાપુથી 220 કિ.મી. દૂર પૂર્વમાં સ્થિત છે.
4. તેની રાજધાની માલે છે અને તેનું ચલણ માલદીવીયન રૂફિયા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 18th Annual Status of Education Report (ASER) 2023

તાજેતરમાં NGO પ્રથમ દ્વારા 18મો 'વાર્ષિક શિક્ષણ અહેવાલ' (Annual Status of Education Report-ASER), 2023 બહાર પાડવામાં આવ્યો હતો.

- જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ, તેમની મૂળભૂત અને લાગુ વાંચન અને ગણિતની ક્ષમતાઓ અને ડિજિટલ જાગૃતિ અને કૌશલ્યોની ચર્ચા કરવામાં આવી હતી.

### ASER રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

#### નોંધણી દર

એકંદરે 14 થી 18 વર્ષના 86.8% બાળકો શૈક્ષણિક સંસ્થાઓમાં નોંધાયેલા છે.

- વય દ્વારા નોંધપાત્ર તફાવત હોવા છતા, 14 વર્ષના 3.9% અને 18 વર્ષના 32.6% બાળકોએ નોંધણી કરી ન હતી. અડધાથી વધુ (55.7%) આ પ્રવાહમાં અગિયારમાં કે તેથી વધુ ધોરણમાં અભ્યાસ કરે છે.
- વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) પ્રવાહમાં પુરુષો (36.3%)ની તુલનામાં મહિલાઓ માત્ર 5.6% વ્યાવસાયિક તાલીમ અથવા સંબંધિત અભ્યાસક્રમો લઈ રહ્યા છે.
- કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક તાલીમ વધુ પ્રચલિત છે. (16.2%)
- મોટા ભાગના યુવાનો છ મહિના કે તેથી ઓછા સમયગાળાના ટૂંકા ગાળાના અભ્યાસક્રમો લઈ રહ્યા છે.

#### મૂળભૂત ક્ષમતાઓ

લગભગ 25% યુવાનો તેમની પ્રાદેશિક ભાષામાં વર્ગ 2 સ્તરનું લખાણ અસ્ખલિત રીતે વાંચી શકતા નથી.

- અડધાથી વધુ વિભાજનની સમસ્યાઓ સાથે સંઘર્ષ કરે છે. (3 પોઈન્ટમાંથી 1 પોઈન્ટ), 14-18 વર્ષના માત્ર 43.3% લોકો આવી સમસ્યાઓને યોગ્ય રીતે ઉકેલવામાં સક્ષમ છે.

#### ભાષા અને અંકગણિત કૌશલ્યો

સ્ત્રીઓ (7.6%)એ તેમની પ્રાદેશિક ભાષામાં ધોરણ II સ્તરના ટેક્સ્ટ વાંચવામાં પુરૂષો (70.9%) કરતા વધુ સારું પ્રદર્શન કર્યું, જ્યારે પુરુષો અંકગણિત અને અંગ્રેજી વાંચનમાં શ્રેષ્ઠ હતા.

- માત્ર 57.3% અંગ્રેજીમાં વાક્યો વાંચી શકતા હતા અને તેમાંથી લગભગ ત્રણ ચતુર્થાંશ લોકો તેનો અર્થ સમજવામાં સક્ષમ હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડિજિટલ જાગૃતિ અને કૌશલ્યો

કુલ યુવાનોમાંથી લગભગ 90% લોકો પાસે ઘરે સ્માર્ટફોન છે અને 19.8% સ્ત્રીઓની સરખામણીમાં 43.8% પુરુષો પાસે સ્માર્ટફોન છે.

- પુરુષો સામાન્ય રીતે ડિજિટલ કાર્યોમાં સ્ત્રીઓ કરતા વધુ સારુ પ્રદર્શન કરે છે અને ડિજિટલ કાર્યોમાં આ પ્રદર્શન શિક્ષણ સ્તર અને મૂળભૂત વાંચન કૌશલ્યોની મદદથી સુધારી શકાય છે.

## મૂળભૂત સંખ્યાત્મક કુશળતા

14 થી 18 વર્ષની વયજૂથના 50%થી વધુ વિદ્યાર્થીઓને પ્રાથમિક વિભાગની સમસ્યાઓનો સામનો કરવો પડે છે અને લગભગ 45%ને તેની ઊંઘ અને જાગવાના સમયના આધારે બાળક કેટલા કલાકો ઊંઘે છે તેની ગણતરી કરવા જેવા કાર્યોમાં મુશ્કેલી અનુભવે છે.

- અપર્યાપ્ત મૂળભૂત સંખ્યાત્મક કૌશલ્યો રોજિંદા ગણતરીઓમાં યુવાનોની નિપુણતાને અવરોધે છે, જેમાં બજેટનું સંચાલન, ડિસ્કાઉન્ટ લાગુ કરવું અને વ્યાજદરો અથવા લોન ચૂકવણીઓની ગણતરીનો સમાવેશ થાય છે.

## ભલામણો

14 થી 18 વય જૂથ માટે પહેલો અમલમાં મૂકવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, પાયાની સાક્ષરતા અને સંખ્યાના કૌશલ્યોમાં અંતરને સમાપ્ત કરવા માટે સરકારી પ્રયત્નોની જરૂર છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 શૈક્ષણિક રીતે પછાત લોકો માટે 'કેચ–અપ' કાર્યક્રમોની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- યુવાનોમાં માત્ર શૈક્ષણિક કામગીરી માટે જ નહીં પરંતુ તેમની રોજબરોજની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મૂળભૂત સાક્ષરતા અને આંકડાકીય કૌશલ્યો સુધારવાના હેતુથી પહેલ કરવાની જરૂર છે.

## ડિજિટલ શિક્ષણ

લગભગ 90% ભારતીય યુવાનો ઘરે સ્માર્ટફોન ધરાવે છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે, તે આ વસતી વિષયક વચ્ચે વ્યાપક ડિજિટલ કનેક્ટિવિટી દર્શાવે છે.

- ડિજિટલ સાક્ષરતામાં નોંધપાત્ર લિંગ અસમાનતા છે. રિપોર્ટ અનુસાર છોકરીઓ છોકરા કરતા સ્માર્ટફોન અથવા કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં ઓછી નિપુણ હતી.

- છોકરીઓ કરતા છોકરાઓ ઓનલાઈન સુરક્ષા સેટિંગ્સથી વધુ પરિચિત છે. તે ઓનલાઈન સુરક્ષા સંબંધમાં છોકરીઓને શિક્ષિત અને સશક્તિકરણ માટે લક્ષિત પ્રયાસોની જરૂરિયાત સૂચવે છે.
- લગભગ બે તૃતીયાંશ લોકો સ્માર્ટફોનનો ઉપયોગ શૈક્ષણિક હેતુઓ માટે કરે છે, જેમ કે અભ્યાસ–સંબંધિત ઓનલાઈન વીડિયો જોવા શંકાઓનું નિરાકરણ અથવા નોંધોની આપ–લે કરવા.

## ASER શું છે ?

Annual Status of Education Report (ASER) એ વાર્ષિક, નાગરિક આગેવાની હેઠળનો ઘરગથ્થુ સર્વેક્ષણ છે.

- જેનો ઉદ્દેશ્ય એ સમજાવવાનો છે કે..... ગ્રામીણ ભારતમાં બાળકો શાળામાં નોંધાયેલા છે કે કેમ અને તેઓ શિખી રહ્યા છે કે કેમ.....
- ASER ભારતના તમામ ગ્રામીણ જિલ્લાઓમાં 2005થી દર વર્ષે હાથ ધરવામાં આવે છે.

## લિથિયમ બ્લોક માટે ભારત-આર્જેન્ટિના કરાર

તાજેતરમાં 'ખનીજ બિદેશ ઈન્ડિયા લિમિટેડ' (KABIL) દ્વારા ભારતે આર્જેન્ટિનામાં પાંચ લિથિયમ બ્રાઈન બ્લોક્સની શોધ અને વિકાસ માટે આર્જેન્ટિનાની માલિકીની CAMYEN સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.



- આ કરાર ખનીજ બિદેશ ઈન્ડિયા લિમિટેડ (KABIL)ને આ બ્લોક્સના મૂલ્યાંકન અને સંશોધનમાં મદદ કરશે.
- આ ઉપરાંત લિથિયમ ખનિજોની શોધ પછી, તેમના વ્યાવસાયિક ઉત્પાદન માટે દોહન (harness) અધિકારો પણ આપવામાં આવ્યા છે.
- ભારતમાં સરકારી કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવેલો આ પ્રથમ લિથિયમ સંશોધન અને ખાણ કામ પ્રોજેક્ટ છે.

**નોંધ :** (1) વર્ષ 2023માં ભારતમાં જમ્મુ – કાશ્મીર અને રાજસ્થાનમાંથી લિથિયમનો ભંડાર મળી આવ્યો હતો.

(2) ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (ASI)એ રાજસ્થાનમાં અને જમ્મુ–કાશ્મીરમાં લિથિયમ ભંડારની શોધની પુષ્ટિ કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લિથિયમ

લિથિયમ એ એક નરમ, ચળકતી–સફેદ ધાતુ છે.

- તે રાસાયણિક તત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે.
- તેની રાસાયણિક સંજ્ઞા Li અને તેનો અણુ ક્રમાંક 3 છે.
- લિથિયમ એ સૌથી હલકી ધાતુ છે અને પ્રકૃતિમાં સૌથી ઓછી ઘનતા ધરાવતો પદાર્થ છે.
- રિચાર્જેબલ બેટરીમાં લિથિયમનો વારંવાર ઉપયોગ થાય છે. આથી આવી બેટરીની ઊંચી માંગને કારણે ક્યારેક 'વ્હાઈટ ગોલ્ડ' તરીકે પણ ઓળખાય છે.
- લિથિયમ ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટ ફોન, લેપટોપ, ડિજિટલ કેમેરા અને અન્ય દરેક ઈલેક્ટ્રોનિક ઘટકોમાં જરૂરી છે, જે વીજળીનો મુખ્ય સંગ્રહ બ્લોક છે.
- તેનો ઉપયોગ થર્મોન્યુક્લિયર પ્રતિક્રિયાઓમાં પણ થાય છે.
- આ ઉપરાંત તેનો ઉપયોગ એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ સાથે મિશ્ર ધાતુ બનાવવા તેમની ક્ષમતામાં સુધારો કરવા અને તેમને હળવું બનાવવા માટે થાય છે.
- મેગ્નેશિયમ–લિથિયમ મિશ્ર ધાતુનો ઉપયોગ કવચ (Armor) બનાવવા માટે થાય છે.
- એલ્યુમિનિયમ–લિથિયમ મિશ્રધાતુનો ઉપયોગ એરક્રાફ્ટ, હાઈપાવર સાઈકલ અને હાઈ–સ્પીડ ટ્રેનની ફ્રેમમાં થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વમાં લિથિયમનો ભંડાર

મોટાભાગના લિથિયમ અનામતો દક્ષિણ અમેરિકામાં કેન્દ્રિત છે, ખાસ કરીને આર્જેન્ટિના, ચિલી અને બોલિવિયા જેવા દેશોમાં.

- આ ત્રણ દેશોને 'લિથિયમ ત્રિકોણ' (Lithium Triangle) કહેવામાં આવે છે.

## મહતારી વંદના યોજના : છત્તીસગઢ

મધ્યપ્રદેશની સફળ આર્થિક સરકારી લાડલી બહેના યોજનાથી પ્રેરિત છત્તીસગઢે તાજેતરમાં 'મહતારી વંદના યોજના 2024' શરૂ કરી છે.

- છત્તીસગઢ રાજ્યની આ પહેલનો ઉદ્દેશ્ય મહિલાઓને 1000 રૂપિયાની માસિક આર્થિક સહાય પૂરી પાડવા, આત્મનિર્ભરતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

- આ યોજના મહિલાઓને ખર્ચનું સંચાલન કરવા, નાના પાયાના સાહસો શરૂ કરવા અને તેમની નાણાકીય સ્થિતિ સુધારવામાં મદદ કરે છે.
- લાભાર્થીઓના બેંક ખાતામાં સીધા ટ્રાન્સફર સાથે, મહતરી વંદના યોજના 2024 એ છત્તીસગઢમાં મહિલાઓને સશક્તિકરણ કરવા માટેનો એક મહત્ત્વપૂણ રાજ્ય-સ્તરનો પ્રયાસ સાબિત થાય છે.





## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ 'Annual Status of Education Report 2023' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. આ રિપોર્ટ ‘NGO પ્રથમ’ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
   2. આ રિપોર્ટ અનુસાર એકંદરે 14 થી 18 વર્ષના 86.8% બાળકો શૈક્ષણિક સંસ્થાઓમાં નોંધાયેલા છે.
   3. આ રિપોર્ટ અનુસાર 90% ભારતીય યુવાનો ઘરે સ્માર્ટફોન ધરાવે છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે.
   4. આ રિપોર્ટ અનુસાર સરકારી શાળાના પ્રવેશમાં એકંદર 41% ઘટાડો થયો છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

2. તાજેતરમાં કયા દેશમાં પાંચ લિથિયમ બ્લોક્સની શોધ અને સંશોધન માટે ભારતે MoU કર્યા હતા ?

   (A) દક્ષિણ આફ્રિકા (B) બેલ્જિયમ (C) મ્યાનમાર (D) આર્જેન્ટિના **(D)**

3. નીચેનામાંથી કયા ત્રણ દેશોને ‘લિથિયમ ત્રિકોણ’ (Lithium Triangle) કહેવામાં આવે છે ?

   (A) આર્જેન્ટિના, ચિલી, બોલિવિયા (B) રવાન્ડા, યુગાન્ડા, નાઈઝર
   (C) સેનેગલ, નામિબિયા, બોત્સાવના (D) લાઈબેરિયા, ઝિમ્બાબ્વે, આલ્જેરિયા **(A)**

4. લિથિયમ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. લિથિયમ એ એક નરમ, ચળકતી–સફેદ ધાતુ છે.
   2. તે રાસાયણિક તત્ત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે.
   3. તેનો અણુક્રમાંક નંબર 21 છે.
   4. તે હલકી ધાતુ છે અને પ્રકૃતિમાં સૌથી ઓછી ઘનતા ધરાવતો પદાર્થ છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

5. તાજેતરમાં કયા રાજ્યએ ‘મહતારી વંદના યોજના’ શરૂ કરી છે ?

   (A) છત્તીસગઢ (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **ગિફ્ટ સિટી ખાતે ડેટા સેન્ટરનું ખાતમુહૂર્ત**

ગાંધીનગર સ્થિત ગિફ્ટસિટીમાં 'વાયબ્રન્ટ ડિજિટલ ગુજરાત'ને વધુ બળ આપવાના લક્ષ સાથે એશિયાની પ્રતિષ્ઠિત કંપની Ctrls ગ્રુપના ગાંધીનગર-1 'ડેટા સેન્ટર'નું તાજેતરમાં ભૂમિપુજન કરવામાં આવ્યું હતું. આ ડેટા સેન્ટર ગુજરાતની ડિજિટલ ઈકોનોમીને બળ પૂરું પાડનારું સાબિત થશે. નોંધનીય છે કે Ctrls ગ્રુપ ભારતના 7 શહેરોમાં 12 ડેટા સેન્ટર ધરાવે છે. આગામી છ વર્ષમાં કંપની AI અને ડેટા ક્ષેત્રે અંદાજે બે મિલિયન ડોલરનું રોકાણ કરવાનું આયોજન ધરાવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વન સેતુ ચેતના યાત્રા**




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં ફેલાયેલા નવસારી જિલ્લાના વાંસડાથી 'વન સેતુ ચેતના યાત્રા'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકારે નાણાકીય વર્ષ 2023-24 માટે વન બંધુ કલ્યાણ યોજના 2.0 હેઠળ રૂ.47,000 કરોડની ફાળવણી કરી છે. તેનો હેતુ વન બંધુ (આદિવાસીઓ)ને વિશ્વ બંધુ (વૈશ્વિક નાગરિક) સુધી પહોંચાડવાનો છે. મુખ્યમંત્રીશ્રીએ નવસારી, ડાંગ, અરવલ્લી, છોટા ઉદેપુર અને મહિસાગર જિલ્લામાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. 12 થી 18 જાન્યુઆરી દરમિયાન નિર્ધારિત પાંચ દિવસીય વન સેતુ ચેતના યાત્રા ગુજરાતના 13 જિલ્લાના 51 તાલુકામાંથી પસાર થશે, જેમાં ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, પંચમહાલ, છોટા ઉદેપુર, દાહોદ, મહિસાગર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠાનો સમાવેશ થાય છે. આ યાત્રાનો ઉદેશ રાજ્ય અને કેન્દ્ર બંને સરકારો દ્વારા અંદાજે ત્રણ લાખ આદિવાસીઓ માટે હાથ ધરવામાં આવેલી સિદ્ધિઓ અને વિકાસની પહેલોને પ્રકાશિત કરવાનો છે.

## ભારત

➤ **નીલગીરીના જંગલોને બચાવવા માટે કુદરતી રોગકારક ફૂગ**



તાજેતરમાં વૈજ્ઞાનિકોએ નીલગીરીના જંગલના વાવેતરને જંતુ, નીલગીરી સ્નાઉટ બીટલ જે નીલગીરીને ગંભીર નુકસાન પહોંચાડે છે તેનાથી બચાવવા માટે કુદરતી ઉપાય શોધ્યો છે. સંશોધકોએ કુદરતી રીતે બનતી પેથોજેનિક ફુગ એકઠી કરવામાં અને ભમરોની વસતીને નિયંત્રિત કરવા માટે તેને જૈવિક જંતુનાશકમાં ફેરવવામાં સફળતા મેળવી છે. નીલગીરી (સદાબહાર વૃક્ષ) લાકડું કાગળના પલ્પના ઉત્પાદન માટે એક મહત્ત્વપૂર્ણ સામગ્રી છે. યુનાઈટેડ નેશન્સના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન મુજબ નીલગીરી સ્નોટ બીટલ (ગોનિપ્ટરસ પ્લેટેન્સિસ) એ પાંદડા ખાનાર ભમરો છે, જે નીલગીરીનું મુખ્ય ડીફોલિયેટર છે. આ જંતુ મૂળ ઓસ્ટ્રેલિયા સાથે સંબંધ ધરાવે છે, પરંતુ તે વિશ્વના ઘણા દેશોમાં જોવા મળે છે. જ્યાં નીલગીરી ઉગાડવામાં આવે છે. આ ભમરો પાંદડા, કળીઓ અને ડાળીઓ ખાય છે, પરિણામે ઝાડની વૃદ્ધિ અટકી જાય છે અને પર્ણ સમૂહને ભારે નુકસાન થાય છે.

➤ **ICD 11 TM મોડ્યુલ 2નું લોન્ચિંગ : આયુષ દવાનું વૈશ્વિક એકીકરણ**

WHOએ સત્તાવાર રીતે રોગોનું આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ 11, પરંપરાગત મોડ્યુલ 2નું અનાવરણ કર્યુ છે. જે તેના અમલીકરણના તબક્કાની શરૂઆત છે. આ મોડ્યુલ આયુર્વેદ, સિદ્ધ અને યુનાની દવાના ડેટા અને પરિભાષાને કોડ તરીકે ઈન્ડેક્સ કરીને WHO ICD-11 વર્ગીકરણમાં એકીકૃત કરે છે. આયુષ મંત્રાલયે WHO સાથે મળીને આયુર્વેદ, સિદ્ધ અને યુનાની ચિકિત્સા પ્રણાલી સંબંધિત રોગોને TM-2 મોડ્યુલ હેઠળ વર્ગીકૃત કર્યા છે. WHO અનુસાર ICD-11માં પરંપરાગત તબીબી પરિભાષાનો સમાવેશ પરંપરાગત દવા અને વૈશ્વિક ધોરણો વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કડી સ્થાપિત કરે છે.

➤ **વન વ્હીકલ વન ફાસ્ટેગ**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ 'વન વ્હીકલ, વન ફાસ્ટટેગ' પહેલ શરૂ કરી છે. તેનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન કાર્યક્ષમતા વધારવા અને ટોલ પ્લાઝા પર ટ્રાફિક ચળવળમાં સુધારો કરવાનો છે. NHAIએ આ નિર્ણય વાહન દીઠ એકથી વધુ ટેગ અને KYC ઉલ્લંઘનના વધતા કેસ પછી લીધો છે. કેટલાક વાહન માલિકો પણ યોગ્ય રીતે ટેગ નથી કરતા, જેના કારણે ટોલ પ્લાઝા પર વિલંબ થાય છે.

➤ **હિમાલયન વરૂનું IUCN આકરણી**



તાજેતરમાં હિમાલયન વરૂનું પ્રથમ વખત IUCN રેડ લિસ્ટમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. હિમાલયન વુલ્ફ એક રહસ્યમય લ્યુપિન શિકારી છે જે હિમાલયના ઊંચાઈવાળા પ્રદેશોમાં વસે છે. તે ચીન, નેપાળ, ભારત અને ભૂટાનના ભાગોમાં જોવા મળે છે અને સામાન્ય રીતે 10,000 થી 18,000 ફૂટની ઊંચાઈએ આલ્પાઈન ઘાસના મેદાનોમાં રહે છે. તેઓ સામાન્ય રીતે નાના ટોળાઓમાં ફરે છે અને જંગલી ઘેટા અને બકરાનો શિકાર કરે છે, કેટલીક વાર સસલા અને પક્ષીઓનો પણ શિકાર કરે છે. તેની વસતી 2,275થી 3792 હોવાનો અંદાજ છે. જે તમામ ભારત, નેપાળ અને તિબેટિયન ઉચ્ચપ્રદેશની હિમાલય શ્રેણીમાં પેટા–વસતી હેઠળ છે.

➤ **વૈશ્વિક હાઈડ્રોજન મૂલ્ય (ભાવ) સૂચકાંક**

ગાંધીનગરમાં GIFT સિટી ખાતેના ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (IFSC)એ ઈન્ડિયન ગેસ એક્સચેન્જ (IGX) અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (GSPC) સાથે નવા સહયોગની જાહેરાત કરી હતી. તેનો હેતુ વૈશ્વિક હાઈડ્રોજન પ્રાઈસ ઈન્ડેક્સ સંયુક્ત રીતે વિકસાવવાનો છે. GSPC, IGX સાથે મળીને વૈશ્વિક સંસ્થાઓને GIFT સિટી સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં હાઈડ્રોજન કોન્ટ્રાક્ટ અને ડેરિવેટિવ્ઝનો વેપાર કરવા સક્ષમ બનાવવા માટે એક પ્લેટફોર્મ બનાવશે. GIFT સિટી એ ભારતમાં એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC) છે, જે બેંકિંગ, મૂડી બજારો અને અન્ય નાણાકીય ક્ષેત્રોમાં હાલની ક્ષમતાઓ સાથે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતમાં મસૂરનું ઉત્પાદન**



ગ્રાહક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારત તેના વિશાળ વિસ્તારને કારણે 2023-24 પાક વર્ષ દરમિયાન મસૂરનું વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક બનવા માટે તૈયાર છે. ઊંચા વિસ્તારને કારણે દેશનું મસૂરનું ઉત્પાદન 2023-24ની રવિ સિઝનમાં 1.6 મિલિયન ટનના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચવાનો અંદાજ છે. સત્તાવાર માહિતી અનુસાર પાક વર્ષ 2022-23માં દેશનું મસૂરનું ઉત્પાદન 1.56 મિલિયન ટન રહ્યું હતું. મસૂર એ લીગ્યુમ પરિવારનું ઝાડીદાર વાર્ષિક ઔષધિ છે. તે ખાદ્ય કઠોળ છે, જે તેમના લેન્ચ આકારના સપાટ બીજ માટે જાણીતું છે.

➤ **અનુભવ એવોર્ડ યોજના 2024**

ભારત સરકારે અનુભવ એવોર્ડ યોજનાને સૂચિત કરી છે. આ યોજનામાં ભાગ લેવા માટે નિવૃત્ત કેન્દ્ર સરકારના કર્મચારીઓ/પેન્શનરોએ તેમના અનુભવના લેખનો નિવૃત્તિના 8 મહિના પહેલા અને નિવૃત્તિ પછીના 1 વર્ષ પહેલા સબમિટ કરવાના રહેશે. ત્યારબાદ સંબંધિત મંત્રાલયો/વિભાગો દ્વારા મૂલ્યાંકન કર્યા પછી લેખન પ્રકાશિત કરવામાં આવશે. પ્રકાશિત લેખનને અનુભવ પુરસ્કારો અને જ્યુરી પ્રમાણપત્રો માટે શોર્ટલિસ્ટ કરવામાં આવશે. આ પોર્ટલ ભારત સરકાર, કર્મચારી મંત્રાલય, જાહેર ફરિયાદ અને પેન્શન, પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

## વિશ્વ

➤ **ICC દ્વારા દ્વિપક્ષીય શ્રેણી માટે પ્રથમ મહિલા તટસ્થ અમ્પાયર**



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ દ્વિપક્ષીય શ્રેણીનું સંચાલન કરનાર પ્રથમ મહિલા તટસ્થ અમ્પાયર તરીકે સુ રેડફર્નની નિમણૂક કરી છે. રેડફર્ન ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની આગામી ICC મહિલા ચેમ્પિયનશિપ અને T20 મેચોમાં અમ્પાયરિંગ કરશે. ICCએ મહિલા ચેમ્પિયનશિપ શ્રેણીમાં કાર્ય કરવા માટે અન્ય સાત નિષ્પક્ષ મહિલા અમ્પાયરોની પણ નિમણૂક કરી હતી. રેડફર્નની નિમણૂક કરવાના નિર્ણયનો હેતુ કાર્યકારી ભૂમિકાઓમાં લિંગ વિવિધતાને પ્રોત્સાહન આપવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતીય સેનાએ 50 ડિગ્રી સેલ્સિયસના બરફીલા તાપમાનમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની ઊંચાઈએ સૈનિકો માટે _____ સ્થાપિત કરવાની યોજના બનાવી છે. – ૫૫ ટેન્ટ (Pup Tents)
2. _____ એ તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં સંક્રાંતિ લણણી ઉત્સવ સાથે સંકળાયેલ પરંપરાગત લોક પ્રદર્શન છે. – ગાંગીરેડ્ડુ મેલમ
3. તાજેતરમાં ગુજરાતમાં કયા સ્થળે છઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડરોલોજી કોન્ફરન્સ યોજાઈ હતી ? – અમદાવાદ
4. તીર્થ સ્થળો પર સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કઈ પહેલ શરૂ કરી છે ? – સ્વચ્છ મંદિર અભિયાન
5. તાજેતરમાં કઈ પ્રિન્ટિંગ પ્રેસે 'મોદી : એનર્જાઈઝિંગ એ ગ્રીન ફ્યુચર' નામનું પુસ્તક પ્રકાશિત કર્યુ છે ? – પેન્ટાગોન પ્રેસ
6. ભારતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં માનવીય મૂલ્યો અને વ્યવસાયિક નીતિશાસ્ત્રને સ્થાપિત કરવા માટે જારી કરાયેલ માર્ગદર્શિકાનું નામ શું છે ? – મૂલ્ય પ્રવાહ 2.0
7. તાજેતરમાં રેલવે બોર્ડના સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અરૂણા નાયર (IRPS)
8. તાજેતરમાં સધર્ન નેવલ કમાન્ડમાં ચીફ ઓફ સ્ટાફનું પદ કોણે સંભાળ્યું છે ? – રીઅર એડમિરલ ઉપલ કુંડુ
9. તાજેતરમાં કયા દેશના ફુગાવામાં 200%થી વધુનો વધારો જોવા મળ્યો હતો ? – આર્જેન્ટિના
10. ભારતીય વાયુસેનાનું કયું એરક્રાફ્ટ જે 2016માં બંગાળની ખાડી પર ગુમ થયું હતું, તે તાજેતરમાં ચેન્નાઈના કિનારાથી તેના કાટમાળ સાથે મળી આવ્યું હતું ? – AN-32 K-2743
11. તાજેતરમાં બેરોજગાર સ્નાતકો અને ડિપ્લોમાં ધારકોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે કર્ણાટક સરકાર દ્વારા કઈ યોજના શરૂ કરવામાં આવી હતી ? – યુવા નિધિ યોજના
12. તાજેતરમાં ઈન્ટરનેશનલ કેમલ ફેસ્ટિવલ ભારતના કયા શહેરમાં શરૂ થયો હતો ? – બિકાનેર, રાજસ્થાન
13. તાજેતરમાં સમાચારમાં રહેલ ગંગાસાગર મેળો ભારતના કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – પશ્ચિમ બંગાળ
14. ભારતની કઈ બેંકે ગ્રીન રૂપી ટર્મ ડિપોઝીટ રજૂ કરી છે ? – SBI
15. PM-eBus સેવા યોજના માટે કયું મંત્રાલય જવાબદાર છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
16. ભારતના 43માં એન્ટાર્કટિક અભિયાનમાં કયા બે દેશોના વૈજ્ઞાનિકો જોડાયા હતા ? – મોરેશિયસ અને બાંગ્લાદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. તાજેતરમાં અશ્વારોહણ રમત માટે અર્જુન પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે ? – દિવ્યકૃતિ સિંહ

18. તાજેતરમાં કયા રાજ્યએ 17 જિલ્લાઓમાં 158 બ્લોકને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે ? – ઝારખંડ

19. તાજેતરમાં કયા રાજ્યના ડ્રગ કંટ્રોલ વિભાગે રાજ્યમાં એન્ટિબાયોટિક્સના વધુ પડતા ઉપયોગને રોકવા માટે 'ઓપરેશન અમૃત' શરૂ કર્યુ છે ? – કેરળ

20. તમિલ સંત તિરુવલ્લુવરના સાહિત્યમાં યોગદાનને યાદ કરવા પોંગલના ભાગરૂપે _____ ના રોજ તિરુવલ્લુવર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. – 16 જાન્યુઆરી

21. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે ગ્રામિણ મહિલા ઉદ્યોગ સાહસિકોને સશક્તિકરણ કરવાના હેતુથી નાણાકીય સહાય યોજના, મુખ્યમંત્રી મહિલા ઉદ્યમિતા અભિયાન (MMUA) શરૂ કરી છે ? – આસામ

22. તાજેતરમાં કયા રાજ્યના મદુરાઈ જિલ્લામાં અલંગનાલ્લુર જલ્લી કટ્ટુ રમતનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ? – તમિલનાડુ

23. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે MPLADS હેઠળના ભંડોળના પ્રવાહને ટ્રેક કરવા માટે _____ નામની નવી એપ લોન્ચ કરી છે. – eSakshi

24. કઈ સંસ્થાએ માછીમારો માટે સેકન્ડ જનરેશન ડિસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમીટર વિકસાવ્યું છે ? – ISRO

25. તાજેતરમાં જોવા મળેલું ચાંગે 6 મિશન કયા દેશ સાથે સંકળાયેલું છે ? – ચીન

26. પનામા કેનાલ જે સમાચારોમાં હતી, તે કયા બે મહાસાગરોને જોડે છે ? – એટલાન્ટિક મહાસાગર અને પેસિફિક મહાસાગર

27. તાજેતરમાં સમાચારોમાં રહેલ 'પેરામીરોથેસિયમ ઈન્ડિકમ' શું છે ? – ફાઈટોપેથોજેનિક ફુગ

28. તાજેતરમાં તેલંગાણાએ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે કેન્દ્ર (C4IR)ની સ્થાપના કરવા માટે કઈ સંસ્થા સાથે સહયોગ કર્યો છે ? – વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

29. તાજેતરમાં કઈ સંસ્થાએ જાપાનીઝ યેન ડિનોમિનેટેડ ગ્રીન બોન્ડ્સ જારી કર્યા છે ? – REC લિમિટેડ

30. તાજેતરમાં 2022 માટે ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રેન્કિંગમાં કયા રાજ્યને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે ? – તમિલનાડુ

31. સરકારે 2030 સુધીમાં આકસ્મિક મૃત્યુ ઘટાડવા માટે શું લક્ષ્ય નક્કી કર્યુ છે ? – 50%

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


પર્યાવરણ સ્પેશિયલ
છેલ્લા 6 મહિનાનું
કરંટ અફેર્સ
જુલાઈ 2023થી 10 જાન્યુઆરી 2024 સુધીના વર્તમાન પ્રવાહનો સમાવેશ
વન અને પર્યાવરણ સબંધિત ઘટનાઓ, પર્યાવરણ સંબંધિત મિશન, એવોર્ડ, પર્યાવરણ સંબંધિત દિવસો, રિપોર્ટ વગેરેનો સમાવેશ
ICE
પર્યાવરણ
સ્પેશિયલ
છેલ્લા 6 મહિનાનું
કરંટ અફેર્સ
E-મેગેઝીન
માત્ર ₹49/-
આ ઈ-મેગેઝીન ICEONLINE એપ્લિકેશન પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી શકાશે
E-મેગેઝીન મેળવવા માટે અત્યારે જ iceonline App ડાઉનલોડ કરો
Google Play
App Store
93773-01110 (10:00am to 6:00pm)
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
હવે, ફોરેસ્ટની તૈયારીને બનાવો ધારદાર...
ફોરેસ્ટ રિવિઝન પેપર સેટ
10 મોડેલ પેપર
નવા સિલેબસ મુજબ ONLINE TEST
આ મોડેલ પેપર ICEONLINE એપ્લિકેશન પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી શકાશે
ઓથેન્ટિક સોર્સમાંથી તૈયારકરેલ પ્રશ્નોનો સમાવેશ
GSSSB દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમના ગુણભાર મુજબ તૈયાર કરેલ મોડેલ પેપર
સરળ, મધ્યમ અને અઘરા પેપર્સનું કોમ્બિનેશન
2000+ પરીક્ષામાં પૂછાય શકે તેવા પ્રશ્નોનો સમાવેશ
₹299/- ₹149/-
ઓનલાઈન ટેસ્ટ આપવા માટે iceonline App આજે જ ડાઉનલોડ કરો
Google Play
App Store
93773-01110 (10:00am to 6:00pm)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
કંડકટર ડ્રાઈવરની તૈયારી કરાવતું સર્વશ્રેષ્ઠ એક માત્ર પુસ્તક
કંડક્ટર-ડ્રાઈવરની પરીક્ષામાં વધારે માર્ક્સ મેળવવા માટેનું એકમાત્ર પુસ્તક
સંપૂર્ણ નવા અભ્યાસક્રમ આધારિત
GSRTC
કંડક્ટર-ડ્રાઈવર
7000+ વનલાઈનર
વિશેષતા:
નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ અદ્યતન માહિતી સાથેનું પુસ્તક
કંડક્ટર ડ્રાઈવરની પરીક્ષાના તમામ વિષયો માત્ર એક જ પુસ્તકમાં
M.V.એક્ટ-1988, રોડ સેફ્ટી, પ્રાથમિક સારવાર, GSRTC નિગમ, ટિકિટ લગેજના દાખલા અને ETM મશીનની માહિતી ચાર્ટ, કોષ્ટક અને રંગીન ચિત્રો દ્વારા સમજૂતી
આ પુસ્તકમાં સામાન્ય જ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી અને કમ્પ્યુટર જેવા વિષયોનો પણ સમાવેશ
ડ્રાઈવર સ્પેશિયલ ઓટો મીકેનીકની સરળ શબ્દમાં માહિતી
સંપાદક: મૌલિક ગોંધિયા
50% Discount
₹360/-
₹180/-
+ કુરિયર ચાર્જ
વિશેષતા:
M.V.એક્ટ-1988, રોડ સેફ્ટી, પ્રાથમિક સારવાર, GSRTCનિગમ, ટિકિટ લગેજના દાખલા અને ETM મશીનની માહિતી ચાર્ટ, કોષ્ટક અને રંગીન ચિત્રો દ્વારા સમજૂતી
મોટર વ્હીકલ એક્ટ 1988ની સરળ શબ્દોમાં માહિતી
ગુજરાતી વ્યાકરણ અને અંગ્રેજી ગ્રામર
ટિકિટ અને લગેજ ભાડાના ગાણિતિક પ્રશ્નોની (દાખલા) ઉદાહરણ દ્વારા સમજૂતી
ડ્રાઈવર સ્પેશિયલ ઓટો મીકેનીકની સરળ ભાષામાં માહિતી
ગુજરાત ઈતિહાસ, ભૂગોળનો સમાવેશ
કમ્પ્યુટરની સરળ શબ્દોમાં વિશેષ માહિતી
આ પુસ્તક www.iceonline.in પર ઉપલબ્ધ છે.

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સર્વશ્રેષ્ઠ તૈયારી કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અનુભવી વિષય નિષ્ણાત ફેકલ્ટીની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ અભ્યાસ કરવા માટે...

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

E-Books

Daily Weekly & Final Mock Test

LECTURE PDF

READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

**રાજકોટ**
**93757 01110**

Head Office : ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

**ગાંધીનગર**
**81406 01110**

218, B-Block, અટારીયા સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર.

**જૂનાગઢ**
**76985 01110**

પેરી પ્લાઝા કોમ્પ્લેક્સ, અલકાપુરી સોસાયટી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT